dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 08 | Issue- 99 | AD - 2025, Paush Sud- 12 | Saturday, Dt.11-01-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

AIMS - એઈમ્સ
Care is our culture
HOSPITAL-AMRELI હોસ્પિટલ અમરેલી

કાર્ડિયાક વિભાગ

- 24 x 7 ફૂલટાઈમ ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ ઉપલબ્ધ
- હૃદયનો 2D / 3D ઈકો વીથ કલર ડોપ્લરની સુવિધા
- ડોબ્યુટેમાઈન સ્ટ્રેશ ઈકોની સુવિધા
- ટી.એમ.ટી. તથા ૨૪ કલાક એમ્બ્યુલેટરી બી.પી. મોનીટરીંગની સુવિધા
- HOLTER (હોલ્ટર)ની સુવિધા ઉપલબ્ધ
- હૃદયરોગ (હાર્ટ એટેક) વખતે કરાવવી પડતી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટી (સ્પ્રિંગ / સ્ટેન્ટ મુકવું)
- પેસમેકર (હૃદયને ધબકતું રાખવાનું યંત્ર)ની સુવિધા ઉપલબ્ધ (ટેમ્પરરી તથા પરમેનન્ટ)
- હાર્ટ ફેલ્યોર, પલ્મોનરી એમ્બોલીઝમ વગેરે ગંભીર રોગોની સારવાર

આયુષ્યમાન ભારત કે મા કાર્ડ ધારક લાભાર્થીને તદ્દન ફ્રી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટીની સુવિધા ઉપલબ્ધ

ડૉ. અમિત શર્મા
MBBS, DNB (Int Medicine), CCEBDM,
DNB (Cardiology)Interventional Cardiologist
સિનીયર ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ
૧૪ વર્ષનો બહોળો અનુભવ

02792222060
7610810827
એઈમ્સ હોસ્પિટલ, બસ સ્ટેશનની સામે, અમરેલી

ઉપલબ્ધ સારવાર
- ઓર્થોપેડિક & પોલીટ્રોમાં
- આર્થ્રોસ્કોપીક સર્જરી
- ગાયનેક - પ્રસુતિ
- યુરોલોજી સર્જરી
- જનરલ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- જનરલ મેડીસીન
- ક્રિટીકલ કેર
- પોઇઝન સેન્ટર
- આઈ.સી.યુ
- એસ. આઈ. સી. યુ
- ડાયાલીસીસ

શ્રેષ્ઠ સારવારનું સરનામું એટલે
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
24 x 7 કલાક ઇમરજન્સી સારવાર
સુવિધાઓ: કેશલેશ મેડીક્લેઈમ | GSRTC-ST માન્ય | અકસ્માત સહાય યોજના | આયુષ્માન ભારત યોજના
હોસ્પિટલ 02792-222223, 99782 23000 | ઈમરજન્સી 9978293000





શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર - અમરેલીધામ
મકરસંક્રાતિ સ્પેશિયલ
તા. 14 જાન્યુઆરી.2025 મંગળવાર
શુદ્ધ શિંગતેલમાં
રજવાડી ઊંધિયું
RS. 300/- Per Kg
સ્પે. સ્વામિનારાયણ
બે પડવાળી રોટલી
RS. 200/- Per Kg
શુદ્ધ ઘી માં
અડદિયો તથા જાદરિયું
RS. 400/- Per Kg
સ્થળ: શ્રી સ્વામિનારાયણ મંદિર પાણી દરવાજા - અમરેલીધામ, ઓર્ડર લખાવા માટે: મો. 97148 39858

POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહી
સૌથી શ્રેષ્ઠ પ્રોડક્ટ બનાવીએ છીએ....




વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૭૮૯૯૯૯૮૮

## ॥ બેસણું ॥



### સ્વ. ડાયાભાઈ નાથાભાઈ ઉંધાડ
(ગામ : વડીયા)

દિલગીરી સાથ જણાવવાનું કે અમારા મોટાભાઈશ્રી સ્વ. ડાયાભાઈ નાથાભાઈ ઉંધાડ (ઉ.વ. ૭૫) સંવત ૨૦૮૧ ના પોષ સુદ ૧૧ ને શુક્રવાર તા. ૧૦/૦૧/૨૦૨૫ ના રોજ રામ ચરણ પામેલ છે, પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે તેવી પ્રભુ ચરણોમાં પ્રાર્થના...

॥ સદ્‌ગતનું બેસણું અમારા નિવાસસ્થાને ॥

તા. ૧૧/૦૧/૨૦૨૫ ને શનિવાર,સવારે ૯ થી ૪ કલાક સુધી રાખેલ છે.

સ્થળ : કૃષ્ણપરા, વડીયા, જિ.અમરેલી

॥ લી. ॥

કેશુભાઈ નાથાભાઈ ઉંધાડ — દિલીપભાઈ ડાયાભાઈ ઉંધાડ
ભાવકુભાઈ નાથાભાઈ ઉંધાડ — ભરતભાઈ ડાયાભાઈ ઉંધાડ
મનસુખભાઈ નાથાભાઈ ઉંધાડ — અશોકભાઈ ડાયાભાઈ ઉંધાડ

તથા સમસ્ત ઉંધાડ પરિવારના જય શ્રી કૃષ્ણ વાંચશોજી.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ
ગુજરાત રાજ્ય

રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ સમાવિષ્ટ ૭૪ લાખ થી
વધુ રેશનકાર્ડ ધારક કુટુંબોની ૩.૬૮ કરોડ
જનસંખ્યાને

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત જાન્યુઆરી - ૨૦૨૫ માસના ઘઉં અને ચોખાના વિનામૂલ્યે વિતરણની જાણકારી

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો |
|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. |
| 3 | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. |

જાન્યુઆરી - ૨૦૨૫ માસનું વિતરણ
તારીખ:૩૧/૦૧/૨૦૨૫ સુધી ચાલુ રહેશે.

રાજ્ય સરકારની ખાંડ, મીઠાના રાહતદરે વિતરણ સંબંધિત યોજનાઓની અગત્યની જાણકારી

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિલો.ગ્રા.₹ |
|---|---|---|---|---|
| ૧ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા.<br>૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૧૫ |
| ૨ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| 3 | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

ઈ શ્રમ પોર્ટલ પર નોંધાયેલા શ્રમિકો પૈકી "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા" હેઠળ પાત્રતા ધરાવતા શ્રમિકો નજીકની ઝોનલ / મામલતદાર કચેરીનો સંપર્ક કરી, આ યોજનાનો લાભ મેળવી શકે છે.

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રેશનકાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પર થી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી કુંવરજીભાઈ બાવળીયા
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઇન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫
તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકાશે

# ચિત્તલ પાસે નદીના પુલ પર મસમોટા ખાડા : તાત્કાલિક રિપેરીંગની માંગ

અમરેલી,તા.૧૦



અમરેલી જિલ્લાના બાબરા-અમરેલી હાઈવે પર આવેલ ચિત્તલ પાસે નદી ઉપરના પુલની સ્થિતિ દિવસે-દિવસે કથળી રહી છે. પુલની સપાટી પર પડેલા મોટા ગાબડાઓએ વાહનચાલકો માટે ગંભીર જોખમ ઊભું કર્યું છે. આ પુલ પરથી દરરોજ સેંકડોની સંખ્યામાં નાના-મોટા વાહનોની અવરજવર થાય છે. છેલ્લા કેટલાક સમયથી પુલની સપાટી પર પડેલા ગાબડાઓનું કદ વધતું જાય છે, જે વાહનચાલકો માટે મુશ્કેલીનું કારણ બની રહ્યું છે. ખાસ કરીને રાત્રિના સમયે આ ગાબડાઓ વધુ જોખમી સાબિત થઈ શકે છે. સ્થાનિક રહીશો અને વાહનચાલકોએ સંબંધિત વિભાગ પાસે પુલની તાત્કાલિક મરામત કરવાની માંગણી કરી છે. જો સમયસર યોગ્ય પગલાં લેવામાં ન આવે તો કોઈ મોટી દુર્ઘટના સર્જાવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયાના પ્રયત્નથી

# અમરેલીના ગાયકવાડ સમયના ટાવરનું ૩ કરોડ રૂપિયાના ખર્ચે રીનોવેશન કરાશે

**વર્ષો જૂની અમરેલીના શહેરીજનોની માંગણી પૂરી થઈ**

અમરેલી,તા.૧૦



અમરેલી શહેરની શોભા સમાન ટાવરનું ૩ કરોડ રૂપિયાના ખર્ચે રીનોવેશન કરવાને રાજ્ય સરકાર દ્વારા સિદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. અમરેલીના લોકોની વર્ષોથી ટાવરને એક હેરિટેજ બનાવવા તરીકેની માંગણી હતી. આ અંગેની રજૂઆત નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાને કરાતા તેમણે આ અંગે સરકારમાં રજૂઆત કરી હતી અને આજે રાજ્ય સરકાર દ્વારા ત્રણ કરોડ રૂપિયાના ખર્ચે ટાવરનું રીનોવેશન કરી હેરિટાઈઝ તરીકે વિકસાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ ટાવરની અંદર મહાત્મા સંત મુળદાસજીના જીવન કવનની તમામ ઘટનાઓને એક મ્યુઝિયમ તરીકે બનાવવામાં આવશે.અમરેલી શહેરના લોકોની વર્ષો જૂની માંગણી સંતોષાતા શહેરીજનોએ કૌશિકભાઈ વેકરીયાની શુભેચ્છાઓ પાઠવી છે

# સંત શિરોમણી ગુરુ રવિદાસ વિશ્વ મહાપીઠ દ્વારા અમરેલીમાં સૌરાષ્ટ્ર ઝોન કાર્યકર્તા સંમેલન યોજાયું

અમરેલી,તા.૧૦



અમરેલી ખાતે સંત શિરોમણી ગુરુ રવિદાસ વિશ્વ મહાપીઠ દ્વારા સૌરાષ્ટ્ર ઝોન કાર્યકર્તા બેઠક અને અમરેલી જિલ્લા સંગઠનના નિમણૂંક પત્ર એનાયત કાર્યક્રમનું તા. ૯ જાન્યુઆરીના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા પ્રમુખ જિજ્ઞેશભાઈ દાફડાના નેતૃત્વમાં યોજાયેલા આ કાર્યક્રમમાં સંસ્થાના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ અને પૂર્વ કેબિનેટ મંત્રી આત્મારામ પરમાર સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રયાગરાજના કુંભમેળામાં સેવા માટે અમરેલીથી એમ્બ્યુલન્સ મોકલાઈ

અમરેલી,તા.૧૦



અમરેલીમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય બજરંગ દળ, રાષ્ટ્રીય ઓજસ્વી અને ઈન્ડિયા હેલ્થ લાઈન દ્વારા ગુરુવારે ઉત્તરપ્રદેશ પ્રયાગરાજ ખાતે આયોજિત મહાકુંભ મેળા માટે સૌરાષ્ટ્ર પ્રાંતના અધ્યક્ષ ડો. ગજેરાના નેતૃત્વમાં એમ્બ્યુલન્સ સેવા માટે મોકલવામાં આવી છે. જેમાં સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મંત્રી નિર્મળસિંહ ખુમાણના નેતૃત્વમાં જામનગર વિભાગ સંગઠન મંત્રી ઉપેન્દ્રભાઈ ત્રિવેદી અને એમ્બ્યુલન્સ ચાલક રાષ્ટ્રીય બજરંગ દળ શહેર અધ્યક્ષ મહેશભાઈ સોલંકી, કાર્યકર્તા ભાઈઓને એમ્બ્યુલન્સ સાથે જય શ્રી રામના નારા સાથે પ્રસ્થાન કરાવ્યું હતું. આ કુંભ મેળામાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સ્થાપક ડો. પ્રવીણભાઈ તોગડિયાના નેતૃત્વમાં લગભગ દોઢથી બે કરોડ માણસોને ભોજન, રહેવા, ચા-પાણી નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત લગભગ દસ હજાર ડોક્ટરો પણ ત્યાં સેવા આપવા જઈ રહ્યા છે.

# રાજુલાની એચ.બી.સંઘવી કોલેજમાં 'આનંદ બઝાર'નું ભવ્ય આયોજન

રાજુલા,તા.૧૦



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત એચ. બી.સંઘવી મહિલા આર્ટ્સ તથા કોમર્સ કોલેજમાં "એક કદમ આત્મનિર્ભરતા કી ઓર" સૂત્રને સાર્થક કરતો 'આનંદ બઝાર' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓએ વિવિધ સ્ટોલ્સ ઊભા કરી વેચાણકળા અને સ્વાવલંબનનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને રાજુલા તાલુકા પંચાયતના પ્રમુખ છાયાબેન પુરોહિત ઉપસ્થિત રહ્યા હતા.

# બાબાપુર ખાતે નિ:શુલ્ક બાળરોગ નિદાન કેમ્પ યોજાયો

સાવરકુંડલા,તા.૧૦



અમરેલી જિલ્લાના બાબાપુર ગામે સર્વોદય સરસ્વતી મંદિર ખાતે ચાલી રહેલી વાર્ષિક શિબિરમાં તા. ૮ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ વિશેષ બાળરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. નિષ્ણાત બાળરોગ તજજ્ઞ ડૉ. આઈ. કે. વીજળીવાળા અને તેમની મેડિકલ ટીમે સવારે ૧૦થી સાંજના ૬ વાગ્યા સુધી બાબાપુર અને આસપાસના ગામોના બાળકોની વિનામૂલ્યે તપાસ કરી હતી અને જરૂરી દવાઓ આપી હતી. આ કેમ્પમાં મોટી સંખ્યામાં વાલીઓ પોતાના બાળકો સાથે ઉપસ્થિત રહ્યા હતા.

# અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના સૌરાષ્ટ્ર સંભાગનો અભ્યાસ વર્ગ ધારીમાં યોજાશે

ધારી, તા.૧૦

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના સૌરાષ્ટ્ર સંભાગ-૨નો અભ્યાસ વર્ગ ૧૧-૧૨ જાન્યુઆરીના રોજ ધારી તાલુકાના ધ લિવોનિયા હેરિટેજ ખાતે યોજાશે. આ અભ્યાસ વર્ગમાં અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર, ભાવનગર અને બોટાદ એમ છ જિલ્લામાંથી પ્રાંત કક્ષાના હોદ્દેદારો, જિલ્લા કક્ષાના હોદ્દેદારો, અપેક્ષિત ૨૦૦થી વધુ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે. જેમાં પ્રાંતના અધ્યક્ષ મિતેશભાઈ ભટ્ટ, પ્રાંત સંગઠન મંત્રી સરદારસિંહભાઈ મચ્છાર વગેરે હોદ્દેદારો ઉપસ્થિતિ રહેશે.

# દામનગરમાં રઘુવંશી સમાજનો ભવ્ય સમૂહ કાર્યક્રમ યોજાયો

દામનગર, તા.૧૦



દામનગર લોહાણા મહાજન દ્વારા તા. ૨ જાન્યુઆરીના રોજ ભવ્ય સમૂહ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. લોહાણા મહાજન વાડી ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં સંત શિરોમણી પૂજ્ય જલારામ બાપાની સમૂહ મહાઆરતી અને સમસ્ત રઘુવંશી સમાજ માટે જ્ઞાતિ સમૂહ ભોજન પ્રસાદનું પણ આયોજન કરેલ હતું. કાર્યક્રમની શરૂઆતમાં સમસ્ત રઘુવંશી સમાજના ભાઈઓ-બહેનો અને યુવાનોએ જલારામ બાપાના જયઘોષ સાથે સમૂહ મહાઆરતી કરી હતી. ત્યારબાદ દામનગર લોહાણા મહાજન વતી સંજયભાઈ તન્ના અને ભીખુભાઈ સહિતનાં આગેવાનોએ જિલ્લાભરમાંથી પધારેલા રઘુવંશી અગ્રણીઓનું ભાવભીનું સ્વાગત કર્યું હતું.

# જિલ્લામાં ૩ સ્થળેથી ૨૦ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લામાંથી પોલીસે ૩ સ્થળેથી પીવાનો ૨૦ લીટર દેશી દારૂ ઝડપ્યો હતો. ગળકોટડી ગામેથી ૫ લીટર, હિંડોરણા ગામેથી ૧૦ લીટર તથા નાના કણકોટ ગામેથી ૫ લીટર મળી ૨૦ લીટર પીવાનો દેશી દારૂ જપ્ત કર્યો હતો. જ્યારે ૫ ઈસમો કેફી પીણું પીને ફરતાં મળી આવ્યા હતા.

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ-જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૦૯/૨૦૨૫

અરજદાર: શ્રી ભરતભાઈ બાબુભાઈ ચૌહાણ
સરનામુ: મું.કોળી કંથારીયા, તા.જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ- મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી - કોળી કંથારીયા મું.કોળી કંથારીયા તા. જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના કોળી કંથારીયા** ગામના **શ્રી ભરતભાઇ બાબુભાઇ ચૌહાણ** એ તેમના **પુત્રી નામે શ્રી ખુશાલી ભરતભાઇ ચૌહાણ નો જન્મ** તા.૨૨/૦૫/૨૦૧૯ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એ.બી. શિયાળ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૭ માહે જાન્યુઆરી સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૭/૦૧/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ-જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૦૫/૨૦૨૫

અરજદાર: શ્રી કુંવરબેન બીજલભાઈ સાંખટ વા/ઓ બચુભાઈ જાદવ
સરનામુ: મું.ખડાધાર, તા.ખાંભા જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ- મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી - ભાંકોદર મું.ભાંકોદર તા. જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **ખાંભા તાલુકાના ખડાધાર** ગામના **શ્રી કુંવરબેન બીજલભાઇ સાંખટ વા/ઓ બચુભાઇ જાદવ** એ તેમના **બહેન નામે શ્રી લાડુબેન બીજલભાઇ સાંખટ નો જન્મ** તા.૦૧/૧૦/૧૯૬૪ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એ.બી. શિયાળ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૭ માહે જાન્યુઆરી સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૭/૦૧/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ












# સાવરકુંડલા શહેરમાં તંત્રનાં વાંકે એસ.ટી. ડેપોની દયનીય સ્થિતિ

સાવરકુંડલા,તા.૧૦



સાવરકુંડલા એસ.ટી. ડેપોની સ્થિતિ દિનપ્રતિદિન વધુ બગડતી જાય છે. આ ડેપોમાં પ્રવાસીઓ અને કર્મચારીઓ માટે પીવાના પાણીની સુવિધાનો અભાવ છે. ડેપોમાં રખડતા ઢોરનો ત્રાસ સતત વધી રહ્યો છે, જેના કારણે પ્રવાસીઓ અને કર્મચારીઓને ભારે હાલાકી ભોગવવી પડે છે. આ ઉપરાંત, ડેપોમાં ગંદકીનું પ્રમાણ ચિંતાજનક સ્તરે પહોંચ્યું છે. જવાબદાર અધિકારીઓ આ સમસ્યાઓ જાણતા હોવા છતાં તેના પ્રત્યે ઉદાસીન લાગે છે. આ સંદર્ભમાં ઉચ્ચ અધિકારીઓ દ્વારા બેજવાબદાર અધિકારીઓ સામે તાત્કાલિક પગલાં લેવાય તેવી લોકો માગણી કરી રહ્યા છે.

## અમરેલીના સાંસદ ભરત સુતરીયા, ધારાસભ્ય જનક તળાવીયાની પ્રેરક ઉપસ્થિતિમાં

# લાઠી ખાતે સબ રજીસ્ટ્રાર કચેરીનું કલેક્ટર અજય દહિયાના હસ્તે ઉદ્ઘાટન

અમરેલી, તા. ૧૦


લાઠી તાલુકાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના નાગરિકોને સરળતાથી ઉત્તમ સુવિધાઓ પ્રાપ્ત થાય અને અરજદારોને હાલાકીનો સામનો ન કરવો પડે તેવા ઉમદા હેતુથી પ્રાંત કચેરી, લાઠી નજીકમાં નવનિર્મિત સબ રજીસ્ટ્રાર કચેરીનું આજરોજ અમરેલી સાંસદ ભરતભાઈ સુતરીયા અને લાઠી ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની પ્રેરક ઉપસ્થિતિમાં જિલ્લા કલેક્ટર અજય દહિયાએ રિબિન કાપીને ઉદ્ઘાટન કર્યુ હતું અને નવનિર્મિત સુવિધાયુક્ત કચેરીને ખુલ્લી મૂકી હતી. ઉપરાંત ઉપસ્થિત મહાનુભાવોએ નવનિર્મિત કચેરીના પટાંગણમાં વૃક્ષારોપણ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, નવનિર્મિત સબ રજીસ્ટ્રાર કચેરીમાં પીવાના પાણીની વ્યવસ્થા,



સેનિટેશન, વેઈટીંગ એરિયા સહિતની સુવિધાઓ ઉપલબ્ધ છે. અદ્યતન સુવિધાયુક્ત નવનિર્મિત સબ રજીસ્ટ્રાર કચેરી લાઠી ખાતે અરજદારોને સરળતાથી વિવિધ સેવાઓ પ્રાપ્ત થશે. નવનિર્મિત સબ રજીસ્ટ્રાર કચેરી લાઠી ઉદ્ઘાટન પ્રસંગે લાઠી તાલુકા પંચાયત પ્રમુખ મધુભાઈ નવાપરા, જિલ્લા પંચાયત સભ્ય જીતુભાઈ ડેર, લાઠી પ્રાંત અધિકારી બ્રહ્મભટ્ટ, નાયબ કલેક્ટર સ્ટેમ્પ ડ્યૂટી નિમાવત, નોંધણી નિરીક્ષક સિંધવ, લાઠી મામલતદાર રાજ્યગુરૂ સહિતના અધિકારી, કર્મચારીઓ અને લાઠીના સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીમાં ગાયત્રી મંદિર ખાતે ૧૬૦મો નેત્રનિદાન કેમ્પ યોજાશે

અમરેલી, તા.૧૦



અમરેલી ચિત્તલ રોડ પર આવેલા ગાયત્રી મંદિર ખાતે ગાયત્રી પરિવાર ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી મનીષભાઈ સંઘાણીના માર્ગદર્શન હેઠળ ૧૬૦મો નેત્રનિદાન કેમ્પ ૧૫ જાન્યુઆરી બુધવારે સવારે ૯ કલાકે યોજાશે. શ્રી રણછોડદાસ હોસ્પિટલ અને ગાયત્રી પરિવાર ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે દર મહિનાનાં ત્રીજા બુધવારે નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવે છે. આ કેમ્પમાં આંખના રોગોનું નિદાન અને મોતિયો જેવા ઓપરેશન તદ્દન નિઃશુલ્ક કરી આપવામાં આવશે.

# અમરેલીમાં માર્ગ સલામતી માસ અંતર્ગત વાહનચાલકો માટે મેડિકલ કેમ્પ યોજાયો

અમરેલી,તા.૧૦

સરકાર દ્વારા ૧થી ૩૧ જાન્યુઆરી સુધી માર્ગ સલામતી માસની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવેલ છે. આ ઉજવણી દરમિયાન ટ્રાફિક અને માર્ગ સલામતી પ્રત્યે લોકોમાં જાગૃતિ ફેલાય તે માટે જુદા જુદા કાર્યક્રમો કરવામાં આવે છે. આજે અમરેલીમાં જિલ્લા ટ્રાફિક શાખા, આરટીઓ કચેરી



અને એનસીડી સેન્ટર શાંતાબા મેડિકલ કોલેજની ટીમ દ્વારા શહેરમાં લાઠી રોડ ઉપર આવેલ અમર ટ્રેક્ટરના શોરૂમ પાસે વાહનચાલકો માટે વિનામૂલ્યે મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં વાહનચાલકોની આંખો, બ્લડ પ્રેશર અને અન્ય મેડિકલ ચકાસણી કરીને જરૂરી સારવાર સૂચવવામાં આવેલ હતી. આ મેડિકલ કેમ્પમાં ૨૧૦ થી પણ વધુ વાહનચાલકોએ ભાગ લીધેલ હતો. વાહનચાલકોને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા માટે સમજ આપવામાં આવેલ અને ટ્રાફિકના નિયમો દર્શાવતી પત્રિકાઓનું વિતરણ કરવામાં આવેલ હતું.

## અવસાન નોંધ

**અમરેલી**

સ્વ. સુભદ્રાબેન લક્ષ્મીકાંત મહાજનનું તા.૦૭/૦૧/૨૫ના રોજ અવસાન થયેલ છે. તે અમરેલી મહાજન કેટરર્સવાળા તથા મહાજન પાર્ટી પ્લોટના માલિકના માતૃશ્રી થાય છે. તેમનું સદ્‌ગતનું બેસણું તા. ૧૧/૦૧/૨૫ના રોજ સાંજે ૪:૦૦થી ૭:૦૦ મહાજન પોર્ટી પ્લોટ ગોપી ટોકીઝ પાસે રાખેલ છે.

**સાવરકુંડલા**

કમલેશભાઈ જયંતીભાઈ સૂચક (ઉ. વ.૬૧)નું તા.૧૦/૧ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે કુલદીપભાઈ કમલેશભાઈ સૂચક, પ્રતિકભાઈ કમલેશભાઈ સૂચકના પિતાશ્રી થાય છે. તેમનું સદગતનું ઉઠમણું તા.૧૧/૧ના રોજ ૪ થી ૬ કલાકે લોહાણા મહાજન વાડી નદી કાંઠે સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

લાભશંકરભાઈ નરસિંહભાઈ જોશી (ઉ. વ.૯૭)નું તા.૮/૧ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે રતિલાલ ભગવાનજીભાઈ મહેતાના બનેવી થાય છે. સદગતનું બેસણું તા.૧૧/૧ના બપોરે ૪ થી ૬ કલાકે રાજગોર બ્રાહ્મણ બોર્ડિંગ કૃષ્ણ પ્લોટ સાવરકુંડલા ખાતે રાખેલ છે

**સાવરકુંડલા**

મુક્તાબેન હિંમતલાલ મરજાદી (ઉ. વ.૯૦)નું તા.૧૦/૧ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે હરેશભાઈ હિંમતભાઈ મરજાદી, દિનેશભાઈ હિંમતભાઈ મરજાદી, સુભાષભાઈ હિંમતભાઈ મરજાદી, મહેન્દ્રભાઈ હિંમતભાઈ મરજાદીના માતા થાય છે. તેમનું સદગતનું ઉઠમણું તા.૧૨/૧ના સાંજે 3:30 થી ૫:30 કલાકે શ્રી લોહાણા બોર્ડિંગ મહુવા રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.


ફુલ ટાઈમ માટે ઓફિસ વર્ક માટે
લેડીઝની જરૂર છે.
વર્ક: ફાઈલિંગ તેમજ પરચુરણ વર્ક તેમજ કોમ્પ્યુટર ડેટા વર્ક
(કોમ્પ્યુટર અને અંગ્રેજીનું સામાન્ય જ્ઞાન હોવું જરૂરી)
લાયકાત: ધો. ૧૦ પાસ કે તેનાથી વધારે
રિઝ્યુમ સાથે સવારે ૧૧:૦૦ થી ૧:૦૦ દરમિયાન રૂબરૂ મળો...
શ્રી સારથી નાગરિક શરાફી સહકારી મંડળી લી. અમરેલી.
દુ.નં.૧૦૬,૧૦૭, પહેલો માળ, હીરકબાગ શોપિંગ સેન્ટર, ભીડભંજન ચોક, અમરેલી. Mo. 99095 23338 | 98790 23338


### તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૦૪/૨૦૨૫

અરજદાર :- શ્રી વરૂ પ્રતાપભાઈ કથડભાઈ
સરનામું :- મું.નવી જીકાદ્રી તા.જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - નવી જીકાદ્રી
મું. નવી જીકાદ્રી તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના નવી જીકાદ્રી** ગામના શ્રી **વરૂ પ્રતાપભાઇ કથડભાઇ** એ તેમના **પુત્ર નામે શ્રી વરૂ રૂતુરાજ પ્રતાપભાઇ નો જન્મ તા.૦૧/૦૬/૨૦૦૭ ના** રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી આઇ.આઇ.ગાહા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે.જાન્યુઆરી સને.૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૦૭/૦૧/૨૦૨૫
(કોર્ટનો સિક્કો)
સહી,
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ







### તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૦૮/૨૦૨૫

અરજદાર :- શ્રી નાજાભાઈ બાલાભાઈ જાદવ
સરનામું :- મું.લુણસાપુર તા.જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - લુણસાપુર
મું. લુણસાપુર તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના લુણસાપુર** ગામના શ્રી **નાજાભાઇ બાલાભાઇ જાદવ** એ તેમના **પુત્ર નામે શ્રી જાદવ જયદિપભાઇ નાજાભાઇ નો જન્મ તા.૨૮/૦૯/૨૦૦૯ ના** રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી આઇ.આઇ.ગાહા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે.જાન્યુઆરી સને.૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૦૭/૦૧/૨૦૨૫
(કોર્ટનો સિક્કો)
સહી,
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ





નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એકસીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# ચલાલામાં કરવેરા વધારાનો વિરોધ, સામાન્ય અને મધ્યમ વર્ગ પર બોજ વધશે

**કલેક્ટર અને નગરપાલિકા નિયામકને પણ રજૂઆત**

અમરેલી, તા.૧૦

ચલાલાના નાગરિક ચિરાગભાઈ માલવિયાએ નગરપાલિકા દ્વારા જાહેર કરાયેલા કરવેરા વધારા સામે ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરી છે. નગરપાલિકાએ તા. ૦૧.૦૧.૨૦૨૫ના રોજ વર્તમાનપત્રોમાં જાહેર કરેલા વિવિધ કરવેરા વધારાના નિર્ણય સામે શહેરીજનોએ વિરોધ દર્શાવ્યો છે. હાલમાં નગરપાલિકા દ્વારા ઘરવેરો, પાણી વેરો, સફાઈ ઉપકર અને સફાઈ કર નિયમિત રીતે વસૂલવામાં આવે છે. આ ઉપરાંત અંડરગ્રાઉન્ડ ગટર સહિતના અન્ય કરવેરા વધારવાનો નિર્ણય



ગેરવ્યાજબી હોવાનું તેમણે જણાવ્યું છે. માલવિયાએ પત્રમાં ઉલ્લેખ કર્યો છે કે નવા કરવેરાના કારણે ચલાલાના સામાન્ય, મધ્યમવર્ગીય અને ગરીબ પરિવારોની સ્થિતિ વધુ કફોડી બનશે. તેમણે એવો પણ આક્ષેપ કર્યો છે કે જનતા અનેક પ્રકારના કરવેરા ભરે છે છતાં નગરપાલિકા પૂરતી સુવિધાઓ પૂરી પાડવામાં નિષ્ફળ રહી છે. નગરપાલિકા દ્વારા હયાત કરવેરાને નવું નામ આપી વધારાનો બોજ નાખવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હોવાનો આક્ષેપ માલવિયાએ કર્યો છે.

# ખેલ મહાકુંભ ૩.૦: અમરેલીના શ્રી એસ.એચ.ગજેરા કેમ્પસના વિદ્યાર્થીઓનું સ્કેટિંગમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન

**૧૦૦૦-૫૦૦ મીટર સ્કેટિંગમાં ૬ વિદ્યાર્થીઓએ મેળવ્યા ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ**

અમરેલી,તા.૧૦

રાજુલા ખાતે યોજાયેલ ખેલ મહાકુંભ ૩.૦ની સ્કેટિંગ સ્પર્ધામાં અમરેલીના શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન



કરી જિલ્લાનું નામ રોશન કર્યું છે. ૧૦૦૦-૫૦૦ મીટર સ્પર્ધામાં અંડર-૧૧માં વિશ્વમ રાઠોડે અને અંડર-૧૭માં રાજ સોરઠીયાએ ગોલ્ડ મેડલ જીત્યો હતો. અંડર-૧૧માં જૈનિલ પિલુકિયા અને અંડર-૧૪માં રાજવી ધડુકે સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. ૧૦૦૦ મીટરની સ્પર્ધામાં અંડર-૧૪માં હેનિલ પટેલે ગોલ્ડ અને દર્શિલ રામાનુજે બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. આ સફળતા બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂટ અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# ધારીના મનમંદિર શૈક્ષણિક સંકુલના વિદ્યાર્થીઓ સ્કેટિંગમાં ઝળક્યા

ધારી, તા.૧૦





ધારીના શ્રી મનમંદિર શૈક્ષણિક સંકુલની બે વિદ્યાર્થિનીઓએ ખેલ મહાકુંભ સ્કેટિંગ સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ ત્રીજો નંબર પ્રાપ્ત કરી શાળાનું તેમજ ધારી તાલુકાનું ગૌરવ વધાર્યું હતું. સ્કેટિંગ ૧૧ ઈનલાઈનમાં ચોવટીયા જેયુનીબેન અને સ્કેટિંગ ૧૧ સ્કેવડમાં ગોહિલ નિષ્ઠાબેનએ ત્રીજો નંબર મેળવતા શાળા પરિવાર તેમજ પ્રિન્સિપાલ તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઉંધાડના મોટાભાઈનું દુ:ખદ અવસાન

અમરેલી,તા.૧૦

રાજયના પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંધાડ તેમજ કેશુભાઈ નાથાભાઈ ઉંધાડ, મનસુખભાઈ નાથાભાઈ ઉંધાડના ભાઈ અને રામ એન્ટરપ્રાઈઝ વાળા દિલીપભાઈ ડાયાભાઈ ઉંધાડના પિતાશ્રી સ્વ.ડાયાભાઈ નાથાભાઈ ઉંધાડનું તા.૧૦ને શુક્રવારના રોજ અવસાન થયું હતું. સદગતની અંતિમયાત્રા તા.૧૦ બપોરે ૧ કલાકે વડીયા નિવાસ સ્થાન



ખાતેથી નીકળી હતી. જેમાં વિશાળ સંખ્યામાં આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સદ્‌ગતનું બેસણું આજરોજ તેમના નિવાસ સ્થાને રાખેલ છે.

# ખેલ મહાકુંભમાં અંડર - ૧૧ ચેસની સ્પર્ધામાં સા.કુંડલા તાલુકા શાળાનો વિદ્યાર્થી પ્રથમ નંબરે આવ્યો

સા.કુંડલા, તા.૧૦



સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા ખેલ મહાકુંભ ૩.૦નું સાવરકુંડલાની બ્રાન્ચ શાળા નંબર ૯ ખાતે તાલુકા કક્ષાની ચેસની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાવરકુંડલાની સરકારી શાળા તાલુકા શાળાના વિદ્યાર્થી પરમાર રુદ્રએ અંડર - ૧૧ ચેસની સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં તેનો પ્રથમ નંબર આવ્યો હતો. રાજ્ય સરકાર દ્વારા તાલુકામાં પ્રથમ નંબર મેળવેલ વિદ્યાર્થીને ૧૫૦૦ રૂપિયા ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું.

# સા.કુંડલામાં પૈસાની લેતી-દેતી મુદ્દે યુવકનું અપહરણ

સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલામાં પૈસાની લેતીદેતી મુદ્દે યુવકનું અપહરણ કરવામાં આવ્યું હતું. બનાવ અંગે વિપુલભાઈ લખમણભાઈ પાઘડાળ (ઉ.વ.૪૨)એ ત્રણ અજાણ્યા ઈસમો સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના કૌટુંબિક ભાઇ ભરતભાઈ વશરામભાઈ પાઘડાળ (ઉ.વ.૩૫) હાલ રહે. સાવરકુંડલા વાળાને હીરાના કારખાનામાં ખોટ ગઈ હતી. પૈસાની લેતીદેતી બાબતનું મનદુઃખ રાખી ત્રણ અજાણ્યા ઈસમોએ કાવતરૂ રચી સફેદ કલરની મારૂતી સુઝુકી કંપની સ્વિફ્ટ ફોરવ્હીલ ગાડી નં.GJ-૦૩-HA-૮૧૩૪ ની લઈ આવી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા ભરતભાઈને બળજબરીપૂર્વક ફોરવ્હીલ ગાડીમાં પાછળની સીટમાં બેસાડી અપહરણ કરીને લઈ ગયા હતા. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ.એન. ગાંગાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાના કરજાળા ગામે યુવતીને તું મારી નહી થા તો તને કોઈની નહી થવા દઉં કહી ધમકી આપી

**યુવતીએ બ્લેડના ઘા મારી એસિડ પીધું**

સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલાના કરજાળા ગામે એક યુવતીને તેના જ ગામના યુવકે 'જો તું મારી નહીં થાય તો કોઈની નહીં થવા દઉં' તેમ કહી ધમકી આપી હતી. યુવતીએ જીગ્નેશભાઈ લાલજીભાઈ સુરેલા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી સાથે પ્રેમસંબંધ હતો. જેની તેના ઘરે ખબર પડી જતા આરોપીને તેની સાથે સંબંધ રાખવાની ના પાડી હતી. આરોપી તેની અવરજવર ઉપર નજર રાખી પીછો કરતો હતો. તેમજ તેમના ભાઈઓને અલગ-અલગ ઈન્સ્ટાગ્રામ આઈડીમાંથી ખોટા મેસેજ કરી અને તે તેની સાથે સંબંધ નહીં રાખે તો બીજી કોઈ જગ્યાએ સગાઈ નહીં થવા દે, તેમજ તું મારી નહીં થાય તો તને કોઈની નહીં થવા દઉં તેવી ધમકી આપતો હતો. છેલ્લા પાંચેક માસથી તેમનો પીછો કરી તેને હેરાન પરેશાન કરી માનસિક ત્રાસ આપતો હતો. જેનાથી કંટાળી તેમણે ઘરે જાતે હાથ ઉપર બ્લેડ મારી હતી. તેમજ એસિડ પી પોતાની જાતને ઈજા પહોંચાડી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પી.આઈ. પી.એલ. ચૌધરી વધુ તપાસ કરી રહ્યા છે.

# પતિને અત્યારે જ પોલીસ સ્ટેશનમાં બોલાવો કહી મહિલાએ આત્મવિલોપનનો પ્રયાસ કર્યો

**નાગેશ્રી પોલીસ સ્ટેશન કંપાઉન્ડમાં બન્યો બનાવ**

અમરેલી, તા.૧૦

નાગેશ્રી પોલીસ સ્ટેશનના કંપાઉન્ડમાં એક મહિલાએ તેના પતિને અત્યારે જ બોલાવો તેમ કહી આત્મવિલોપનનો પ્રયાસ કર્યો હતો. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે મનિષાબેન રાઠોડે નાગેશ્રી પોલીસ સ્ટેશન ખાતે આવી અને પોતાના પતિ વિરૂદ્ધ આપેલી ફરિયાદની કેમ કોઈ કાર્યવાહી કરતા નથી તેવું કહી અને તેના પતિને અત્યારે જ પોલીસ સ્ટેશનમાં બોલાવો તેમ કહ્યું હતું. તેમજ વિશાલ પંડયા એડવોકેટ તરીકે ઓળખ આપનારએ આ મનિષાબેન સાથે ફોન ઉપર સતત વાતચીત કરી આત્મવિલોપન કરવા માટે દુષ્પ્રેરણા આપતા તેમણે પોલીસ સ્ટેશન કંપાઉન્ડમાં આત્મવિલોપન કરવા માટે પ્લાસ્ટિકની થેલીમાં લાવેલ પેટ્રોલ પોતાના શરીર પર છાંટી આત્મવિલોપનનો પ્રયાસ કર્યો હતો.

# બહેન સાથે ચારો લેવા બાબતે મનદુ:ખ થતા ઝેરી દવા પીધી

**સાવરકુંડલાના આંબરડી ગામનો બનાવ**

સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલાના આંબરડી ગામે નિંદામણ તથા ચારો લેવા બાબતે મનદુઃખ થતાં ઝેરી દવા પીધાનો બનાવ સામે આવ્યો હતો. મધ્યપ્રદેશના મીનાખેડીના રહેવાસી ભેરૂ ધુમસિંહ આમલીયાર (ઉ.વ.૫૫)એ જાહેર કર્યા મુજબ, સગીરાને તેની બહેન સાથે નિંદામણ તથા ચારો લેવા બાબતે મનદુઃખ થતાં ઝેરી દવા પીધી હતી.

# અમરેલીમાં તા.૧૬ જાન્યુઆરીએ રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લાના યુવા અને ઉત્સાહી રોજગાર ઈચ્છુકો માટે રોજગારીનો ઉમદા અવસર પ્રાપ્ત થાય તે માટે એઈમ લિમિટેડ ભાવનગર દ્વારા આસિસ્ટન્ટ (માર્કેટિંગ) બ્રાંચ મેનેજર માટે ૧૮ થી ૩૫ વર્ષની વયમર્યાદા અને ધો.૧૦ અને ધો.૧૨, સ્નાતકની શૈક્ષણિક લાયકાત તેમજ એલ.આઈ.સી અમરેલી દ્વારા એજન્ટની જગ્યા માટે ૧૮ થી ૪૦ વર્ષની વયમર્યાદા અને ધો.૧૨ પાસની શૈક્ષણિક લાયકાત ધરાવતા રોજગાર ઈચ્છુકો માટે અનુબંધમ વેબપોર્ટલના ડિજિટલ માધ્યમથી ભરતીમેળાનું આયોજન તા.૧૬.૧.૨૦૨૫ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, સી-બ્લોક, પ્રથમ માળ, બહુમાળી ભવન અમરેલી ખાતે કરવામાં આવ્યુ છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: બારસ
તા. ૧૧-૦૧-૨૦૨૫, શનિવાર, સૂર્યોદય-૦૭:૧૫,
સૂર્યાસ્ત-૦૫:૪૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: રોહિણી

## દૈનિક રાશિફળ

તા.૧૧-૦૧-૨૦૨૫ શનિવાર

મેષ: આજનો દિવસ તમારા માટે ખૂબ ફાયદાકારક રહેશે. તમારી રચનાત્મક વિચારસરણીને પૂર્ણ કરવા માટે તમે દિવસભર સખત મહેનત અને ભાગદોડમાં રોકાયેલા રહેશો.

વૃષભ: આજે સમૃદ્ધિનો દિવસ રહેશે, પરંતુ તમે સખત મહેનત કરવાના પક્ષમાં નહીં રહો, ઘરના પૂરા નહીં થયેલા કાર્યોથી અસ્વસ્થતા અનુભવી શકો છો.

મિથુન: આજે પણ સંજોગો તમારા માટે અનુકૂળ બન્યા છે, પરંતુ બેદરકારીને લીધે તમે કોઈપણ કાર્ય યોગ્ય સમયે પૂર્ણ કરી શકશો નહીં.

કર્ક: આજનો દિવસ સારો રહેશે, પરંતુ તમે ઉતાવળમાં ભૂલ કરી શકો છો. જો તમે તમારી આવડત કરતા મોટું કામ કરો છો તો તમે મુશ્કેલીમાં ફસાઇ શકો છો.

સિંહ: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. દિવસની શરૂઆતમાં વિવાદ થઈ શકે છે, તેથી વર્તનમાં સંયમ રાખો અને ધીરજથી મામલો સંભાળો.

કન્યા: આજનો દિવસ લાભકારક રહેશે. કાર્યસ્થળ પર કોઈ કાર્ય સમયસર કરવામાં આવશે નહીં, છતાં નાણાકીય લાભ ક્યાંકથી અચાનક બનશે.

તુલા: આજે તમે શાંતિથી દિવસ વિતાવવાનું વિચારી રહ્યા છો, પરંતુ પરિવારના સભ્યો તમારી ઇચ્છાઓને પૂર્ણ કરવામાં અવરોધરૂપ બનશે.

વૃશ્ચિક: નોકરી કરતા લોકો અધિકારીઓના વિપરીત વર્તનથી પરેશાન થઈ શકે છે. વ્યાવસાયિક ભાગીદારો સાથે તણાવ પેદા થઈ શકે છે.

ધન: આજનો દિવસ મિશ્રિત ફળદાયી છે. જોબસીકર્સ અને ધંધાકીય લોકોએ કોઈપણ ભૂલની ભરપાઇ કરવા માટે તેમની દિનચર્યામાં ફેરફાર કરવો પડશે.

મકર: આજે તમારું ધ્યાન કામ કરતા મનોરંજન તરફ વધુ આકર્ષિત થશે, જેના કારણે અનેક કાર્યો અધૂરા રહી શકે છે અથવા મોડા પૂરા થશે.

કુંભ: આર્થિક સ્થિતિ ધીરે ધીરે સારી થઈ જશે. પાડોશીઓની નાની નાની બાબતોને અવગણો, નહીં તો વિવાદ વધુ થઈ શકે છે.

મીન: આજનો દિવસ તમારા માટે વિશેષ શુભ દિવસ છે. ઘરના વરિષ્ઠ લોકો તમારી વાત સાંભળશે અને સહકાર માટે આગળ આવશે.

## -:: જાહેર-નોટીસ ::-

ફો.પ.અ.નં.૭૬/૨૦૨૪

**મહે. શ્રી લાઠીના તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મું.લાઠી**

અરજદાર તર્ફે વિ.વ.શ્રી જી.સી.કોટડીયા રહે લાઠી

અરજદાર -: સખવાળા કરશનભાઈ રણછોડભાઈ ઉ.વ.૭૪ ધંધો ખેતીકામ
ધર્મે હિન્દુ / પટેલ રહે પ્રતાપગઢ તા લાઠી હાલ સુરત

-:: વિરૂધ્ધ ::-

સામાવાળા - જન્મ મરણનોંધણી અધીકારીત.ક.મ પ્રતાપગઢ ગ્રામ પંચાયત કચેરી

આથી લાગતા વળગતા સર્વે ને જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદાર સખવાળા કરશનભાઈ રણછોડભાઈ પોતે પ્રતાપગઢ ગામના રહેવાસી છે. અરજદારે પોતાની સખવાળા કરશનભાઈ રણછોડભાઈ ની જન્મ નોંધ કરવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદાર પોતે સખવાળા કરશનભાઈ રણછોડભાલ ની જન્મ જે તે સમયે તેમના નિવાસ સ્થાન પ્રતાપગઢ મુકામે જન્મ તારીખ-૦૧/૦૬/૧૯૫૦ ના રોજ થયેલ છે જે અંગેની જન્મ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈ ને વાંધો/તકરાર કે હરકત હોય તેમણે મુદ્દત તારીખ. ૧૬/૦૧/૨૦૨૫ના રોજ અત્રેની કોર્ટ ગઢડા તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી ખાતેસવાર / બપોરના ૩ વાગ્યે કલાકે ઉપસ્થિ રહેવું તેમ કરવા મા કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ:- લાઠી
તારીખ:- ૩૦/૧૨/૨૦૨૪

શીરીસ્તેદાર ઓફ લાઠી
તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની
કચેરી

## -//એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૧૪૩/૨૦૨૪

અરજદાર :- શ્રી પ્રેમજીભાઈ હીરાભાઈ ખેતરીયા
રહે. જાળીયા તા. જિ.અમરેલી

-: વિરૂધ્ધ :-

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. સોનારીયા, તા.જિ.અમરેલી

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના સોનારીયા ગામમાં પ્રેમજીભાઈ હીરાભાઈ ખેતરીયા તેઓના ભાઈ રામજીભાઈ મૂળાભાઈ ખેતરીયાની જન્મ તા.૦૧/૦૬/૧૯૬૬ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૨૭/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૨૯૧/૨૦૨૪

અરજદાર :- શ્રી સોમીબેન મંગાભાઈ બારૈયા
સરનામું :- મું.રામાપીર મંદીર પાસે, પીપળીકાંઠા,જાફરાબાદ તા.જાફરાબાદ જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
ચીફ ઓફીસરશ્રી - નગરપાલીકા જાફરાબાદ
મું. જાફરાબાદ, તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના શ્રી **સોમીબેન મંગાભાઇ બારૈયા** એ તેમના **પતિ નામે સ્વ.શ્રી મંગાભાઇ નારણભાઇ બારૈયા નું મરણ તા.૧૨/૧૨/૨૦૧૨ ના** રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી શૈલેષભાઇ વી. વઢવાણા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે.જાન્યુઆરી સને.૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૦૭/૦૧/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સહી,
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## મામલતદાર અને તાલુકા એકજીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા

જન્મ/મરણ પરચુરણ અરજી નં. /૨૪ તા.૦૧/૦૧/૨૦૨૫

વિવાદી- શ્રી પારૂલબેન પ્રવિણચંદ્ર જયસ્વાલ રહે, અમદાવાદ ઠે.એ/૩૯,મનહરનગર પાર્ટ-૧બાપુનગર અમદાવાદ.મો.૯૪૨૬૦૧૫૨૧૮

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકાર-વ-ચીફ ઓફિસરશ્રી,
નગરપાલિકા બાબરા તા.બાબરા, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં **બાબરા** તાલુકાના **મોજે.બાબરા** ગામના રહીશ આ કામના અરજદાર**શ્રી પારૂલબેન પ્રવિણચંદ્રનો જન્મ તા.૦૧/૦૪/૧૯૭૫ ના રોજ મોજે.કરીયાણા,તા.બાબરા, જિ.અમરેલી** મુકામે થયેલ હોય જે તે સમયે તેમના **જન્મની** નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી **જન્મ**ની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં **તા.૨૬/૧૨/૨૪** થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ **જન્મ નોંધ** દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો, હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત **અત્રેની કોર્ટમાં મુદત તા.૧૬/૦૧/૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે** વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર
બાબરા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૨૮૯/૨૦૨૪

અરજદાર :- શ્રી ગૌતમભાઈ નનકાભાઈ વરૂ
સરનામું :- મું.સોંખડા તા.જાફરાબાદ જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - સોંખડા
મું. સોંખડા તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના સોંખડા** ગામના શ્રી **ગૌતમભાઇ નનકાભાઇ વરૂ** એ તેમના **દાદી નામે સ્વ.શ્રી સોમબાઇબેન સુમરાભાઇ વરૂ નું મરણ તા.૧૦/૧૦/૨૦૦૦ ના** રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી ઉમેશભાઇ વી.વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે.જાન્યુઆરી સને.૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૦૭/૦૧/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સહી,
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

તંત્રી લેખ

# પરંપરાગત કરિયાણાની દુકાનો બંધ થવા લાગી છે! હવે થઇ રહ્યો છે, ઓનલાઇન બિઝનેસ

ઓનલાઈન બજાર પછી, હવે ઝડપી વાણિજ્ય બજારમાં પોતાનું વર્ચસ્વ એટલી હદે વધારી રહ્યું છે કે પરંપરાગત કરિયાણાની દુકાનો બંધ થવાનો ભય અનુભવી રહી છે. આજે ક્વિક કોમર્સ માર્કેટમાં ઝોમેટો, ઝેપ્ટો અને સ્વિગી મજબૂત ભૂમિકા ભજવે છે, જ્યારે બિગ બાસ્કેટ, એમેઝોન અને અન્ય ઘણી કંપનીઓ તેમાં પોતાનું સ્થાન બનાવવાનો પ્રયાસ કરી રહી છે. આ ઝડપી વાણિજ્ય કંપનીઓ લોકોના ઘરો અને ઓફિસોમાં સીધો અને ઝડપથી માલ પહોંચાડી રહી છે. રોજિંદા કરિયાણાથી લઈને આઈફોન સુધી, બધું જ ૧૦-૧૫ મિનિટમાં ઘરે પહોંચાડવામાં આવી રહ્યું છે. લોકોને નજીકની કરિયાણાની દુકાન કે બજારમાં જવાની પણ જરૂર નથી. મિન્ટ ન્યૂઝ અનુસાર, ભારતમાં એકંદર છૂટક વેચાણમાં કરિયાણાનું ઘટતું મહત્વ પણ ડેટામાં દેખાય છે.

મોટી કંપનીઓ સીધી માલ વેચવા માટે તૈયાર છે. આજે મોટી ઉત્પાદક કંપનીઓ પણ સીધી રીતે માલ વેચવા માટે તૈયાર છે. આવી સ્થિતિમાં, પુરવઠા અથવા વિતરણનું કામ કરતી અલગ કંપનીઓની જરૂરિયાત સમાપ્ત થઈ જશે. મિન્ટના મતે, ITC અથવા હિન્દુસ્તાન યુનિલિવર જેવી કંપનીઓ ડાયરેક્ટ સેલિંગની તરફેણમાં છે, જે ફક્ત પરંપરાગત રિટેલર્સ જ નહીં પરંતુ હોલસેલર્સ અને વિતરકોને પણ દૂર કરે છે. આવી સ્થિતિમાં, પૈસા કમાવવા માટે વચેટિયાઓ કે એજન્ટોની જરૂર રહેશે નહીં. આનો એક ગેરલાભ એ થશે કે મોટી કંપનીઓ પરંપરાગત રિટેલ કરિયાણાની દુકાનો કરતાં ઓછી કિંમતે ગ્રાહકો સુધી પોતાનો માલ સીધો પહોંચાડશે. હવે જ્યારે પરંપરાગત દુકાનો પર કોઈ કમાણી નહીં થાય, ત્યારે લોકો ફક્ત ઓનલાઈન માધ્યમો પર નિર્ભર બનશે. જેની અસરથી ભારતમાં રિટેલ માર્કેટ પર ઈ-કોમર્સનો કેટલો પ્રભાવ પડ્યો છે તે એ હકીકત પરથી જાણી શકાય છે. ગયા વર્ષે, લગભગ ૨,૦૦,૦૦૦ કરિયાણાની દુકાનો બંધ થઈ ગઈ હતી. જોકે, સમાચાર મુજબ, હાલમાં મોટા શહેરો પર મહત્તમ અસર જોવા મળી રહી છે. રોજિંદા ઉપયોગની ચીજવસ્તુઓના વિતરકોનું પ્રતિનિધિત્વ કરતી ઓલ ઈન્ડિયા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ ડિસ્ટ્રિબ્યુટર્સ ફેડરેશન (AICPDF) અનુસાર, ગયા વર્ષે લગભગ ૨,૦૦,૦૦૦ કરિયાણાની દુકાનો બંધ થઈ ગઈ છે. મેટ્રો શહેરોમાં લગભગ ૪૫ ટકા કરિયાણાની દુકાનો બંધ છે અને ટાયર વન શહેરોમાં ૩૦ ટકા દુકાનો બંધ છે. ૨૦૧૫-૧૬ અને ૨૦૨૨-૨૩ વચ્ચે શહેરી વિસ્તારોમાં કરિયાણાની દુકાનોની સંખ્યામાં ૯.૪ ટકા અથવા ૧૧.૫૦ લાખનો ઘટાડો થયો હોવાની ધારણા છે. ૨૦૧૦-૧૧ અને ૨૦૧૫-૧૬ વચ્ચે, શહેરી વિસ્તારોમાં આવા આઉટલેટ્સમાં લગભગ ૨૦ ટકાનો વધારો થયો. રસપ્રદ વાત એ છે કે, ગ્રામીણ વિસ્તારોમાં કરિયાણાની દુકાનોની સંખ્યામાં એક વર્ષ પહેલાની સરખામણીમાં ૨૦૨૨-૨૩માં લગભગ ૫૬,૦૦૦નો ઘટાડો થયો છે.

# RJD અને કોંગ્રેસ વચ્ચેની ૨૫ વર્ષ જૂની મિત્રતા તૂટી જશે?

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

ઇન્ડિયા ગઠબંધનના નેતાઓ એક સમયે સમૂહ ગાન ગાતા હતા કે "યે દોસ્તી હમ નહીં તોડેંગે. " પણ ગઈકાલે આ રાજકીય નેતાઓએ એકબીજા સાથે છેડો ફાડી નાખવાની વાત કરી. આથી એમ લાગે છે કે બિહાર ચુનાવ પહેલા જ આ રાજકીય મેળો વેરવિખેર થઈ જશે. ત્યારે પ્રશ્ન જાગે છે કે દિલ્હીમાં વિભાજન બિહાર ચૂંટણી પર અસર કરશે, શું RJD અને કોંગ્રેસ વચ્ચેની ૨૫ વર્ષ જૂની મિત્રતા તૂટી જશે?



રાજકીય સંબંધો સ્વાર્થના પાયા પર રચાયેલા હોય છે, તે સાવ તકલાદી હોય છે. જ્યાં સુધી પોતાને લાભ જણાતો હોય ત્યાં સુધી નેતાઓ પક્ષને વફાદાર રહે છે પરંતુ જેવો પોતાનો સ્વાર્થ પૂરો થઈ જાય કે તરત જ વર્ષો જૂનો સંબંધ તોડી નાખતા રાજકીય નેતાઓ જરાય અચકાતા નથી. આવી જ રીતે કોઈ નેતા સખત વિરોધી હોય પરંતુ જો પોતાના પક્ષમાં સંખ્યા બળ ઘટતું હોય તો આ સખત વિરોધી નેતા પણ વિરોધને પડતો મૂકીને સામા પક્ષમાં જોડાઈ જાય છે કારણ કે અહીં તેને પદ અને પ્રતિષ્ઠાની માની ન શકાય તેટલી મોટી લાલચ આપવામાં આવે છે અને તેને કારણે કોઈપણ જાતની શરમ વગર આ રાજકારણીઓ દાયકાઓ જુનો રાજકીય સંબંધ તોડીને સામી પાટલીએ જઈને બેસી જાય છે. આ દુનિયામાં સૌથી વધુ સ્વાર્થીમાં સ્વાર્થી જો કોઈ પ્રાણી હોય તો તે રાજકીય નેતાઓ છે. જેઓ પોતાની ખુરશી બચાવવા માટે કોઈપણ હદે જઈ શકે છે. આ જ વસ્તુ અત્યારે ઈન્ડિયા ગઠબંધનના પક્ષો વચ્ચે બની રહી છે.

સમાજવાદી પાર્ટી અને તૃણમૂલ કોંગ્રેસે દિલ્હી વિધાનસભા ચૂંટણી (દિલ્હી ચૂંટણી ૨૦૨૫) માટે આમ આદમી પાર્ટીને સમર્થન આપવાની જાહેરાત કરી છે. આ દરમિયાન, બિહારના વિપક્ષી નેતા તેજસ્વી યાદવે ધડાકો કર્યો કે કે ઈન્ડી. ગઠબંધનની રચના ફક્ત લોકસભા ચૂંટણી માટે જ થઈ હતી.!! દિલ્હીમાં વિભાજન બિહાર ચૂંટણીને અસર કરશે નહીં તેવો મતલબ પણ એક રાજકીય નેતાના બયાન પરથી નીકળે છે કે બિહારમાં આરજેડી-કોંગ્રેસની મિત્રતા ૨૫ વર્ષ જૂની છે, તેને તૂટવાની કોઈ શક્યતા નથી.

બિહારમાં કોંગ્રેસ તેજસ્વીના નિવેદનને સંપૂર્ણ સમર્થન આપે છે, પરંતુ તેનો થોડો વિરોધ પણ કરે છે. દિલ્હીમાં ચૂંટણીનું બ્યુગલ વાગતાની સાથે જ ભારત મહાગઠબંધનની ગાંઠો ખુલવા લાગી છે. સમાજવાદી પાર્ટી અને તૃણમૂલ કોંગ્રેસે આમ આદમી પાર્ટીને ટેકો આપવાની જાહેરાત કરી છે. સપા-ટીએમસીની જાહેરાત બાદ કોંગ્રેસ અલગ પડી ગઈ છે. બીજી તરફ, બિહારના ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી અને વિપક્ષના નેતા તેજસ્વી યાદવે પોતાના નિવેદનથી બિહારના રાજકારણમાં શંકાનું વાતાવરણ ઉભું કર્યું છે. આ વર્ષે બિહારમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે ત્યારે આ નિવેદન આવ્યું છે. તેજસ્વીએ શું કહ્યું? તે પણ મહત્વનું માનવામાં આવે છે. બુધવારે બક્સરની મુલાકાત દરમિયાન તેજસ્વી યાદવે સ્પષ્ટપણે કહ્યું હતું કે ભારત ગઠબંધનની રચના ફક્ત લોકસભાની ચૂંટણી માટે જ થઈ હતી. આમ છતાં, જો દિલ્હી ચૂંટણીને લઈને કોઈ મુદ્દો ઉભો થશે તો તેના પર ચોક્કસપણે વિચાર કરવામાં આવશે.


જોકે, તેમણે પોતાના નિવેદનમાં ચોક્કસપણે ઉમેર્યું હતું કે કોંગ્રેસ શરૂઆતથી જ બિહારમાં તેમની સાથે છે. તેજસ્વીના આ નિવેદનથી રાજ્યના રાજકીય પક્ષોને બોલવાની તક મળી છે. તેજસ્વીના નિવેદન બાદ રાષ્ટ્રીય જનતા દળના સાથી પક્ષ કોંગ્રેસમાં મૂંઝવણની સ્થિતિ છે. જોકે, બિહાર કોંગ્રેસના પ્રમુખ અને રાજ્યસભાના સભ્ય ડૉ. અખિલેશ પ્રસાદ સિંહ આરજેડી-કોંગ્રેસ ગઠબંધન અંગેની અટકળો અને નિવેદનોને સંપૂર્ણપણે નકારી કાઢે છે અને કહે છે કે 'તેજસ્વીએ કંઈ નવું કહ્યું નથી'

ડૉ. અખિલેશ પ્રસાદે કહ્યું કે તેજસ્વી યાદવે કંઈ નવું કહ્યું નથી. એ વાત સાચી છે કે ભારતની રચના લોકસભાની ચૂંટણી માટે થઈ હતી. બિહારની વાત કરીએ તો, બિહારમાં કોંગ્રેસ અને આરજેડી એકબીજાના પૂરક છે. આપણે બંને એકબીજા વિના અધૂરા છીએ.

પાર્ટીના પ્રભારી સચિવ શાહનવાઝ આલમ પણ માને છે કે તેજસ્વીએ કંઈ ખોટું કહ્યું નથી. તેમનું કહેવું છે કે આરજેડી અને કોંગ્રેસ વચ્ચેનો સંબંધ પરંપરાગત છે. આ સંબંધ લાલુ પ્રસાદ અને કોંગ્રેસની સંમતિથી રચાયો છે જે વર્ષોથી અસ્તિત્વમાં છે અને ભવિષ્યમાં પણ ચાલુ રહેશે. ડાબેરી પક્ષોના આગમનથી તે વધુ મજબૂત બન્યો છે. મોટા નેતાઓ જ્યારે આવી મહત્વની વાત કરી રહયા હોય ત્યારે નાના નેતાઓ બિનજરૂરી બકવાસ કરી બાજી બગાડી રહયા છે. 'ન બોલવામાં નવ ગુણ' એ શિખામણ આ લોકો માનતા જ નથી એને તો પોતાનું રાજકીય માઈલેજ વધારવામાં રસ છે. પાર્ટી તૂટે તો ભલે તૂટે એમાં એને રસ નથી. જ્યારે મોટા ડખા ચાલતા હોય ત્યારે નાના નેતાઓએ જીભ પર લગામ રાખવી જોઈએ પણ આ વાત કોઈ રાજકારણીઓ સમજતા જ નથી. તેમને તો પોતાનું મહત્વ વધારવામાં જ રસ હોય છે. આથી ધારાસભ્ય, પક્ષના નેતા અલગ લાઈન લઈને બકવાસ ચાલુ રાખતા હોય છે. જોકે, પાર્ટીના ધારાસભ્ય પક્ષના નેતા શકીલ અહેમદ ખાન પાર્ટી પ્રમુખ અને પ્રભારી સચિવના નિવેદન સાથે સહમત નથી. શકીલ અહેમદે તેજસ્વીના નિવેદનનો વિરોધ કર્યો અને કહ્યું કે જે કોઈ કોંગ્રેસને હળવાશથી લેશે, અમે તેને વધુ હળવાશથી લઈશું. જો આપણે આરજેડી અને કોંગ્રેસ સિવાયના શાસક પક્ષો વિશે વાત કરીએ, તો તેઓ તેજસ્વીના ભારત સંબંધિત નિવેદનને ભવિષ્યના સંકેત તરીકે જુએ છે. શાસક પક્ષના નેતાઓ માને છે કે ભારતમાં વિભાજનની બિહારની ચૂંટણીઓ પર ચોક્કસ અસર પડશે. NDA ના નેતાઓ હોય, પછી ભલે તે BJP ના હોય કે JDU ના હોય, તેઓ તેજસ્વીના નિવેદનને અણબનાવ કહેવાની તક ગુમાવતા નથી. NDA નેતાઓ માને છે કે ભારત તે ક્ષણે તૂટી ગયું જ્યારે તેના શિલ્પી નીતિશ કુમાર તેનાથી અલગ થયા. બધી અટકળો અને વાણી-વર્તન વચ્ચે, વાસ્તવિકતા એ છે કે બિહારના રાજકારણમાં આરજેડી અને કોંગ્રેસ વચ્ચેનો સંબંધ નવો નથી. આ બંને ૨૫ વર્ષથી સાથે છે. આ ૨૫ વર્ષોમાં, આ બંને પક્ષોએ સાથે મળીને પાંચ લોકસભા ચૂંટણી લડી છે.

૨૫ વર્ષમાં ચાર ચૂંટણીઓમાં, બંને પક્ષો નાના મુદ્દાઓ પર અલગ થયા પરંતુ અપેક્ષા મુજબ સફળતા મેળવી શક્યા નહીં. છેલ્લી વખત બંને પક્ષો ૨૦૧૦ માં અલગ થયા હતા, પરંતુ તેમની હાર જોયા પછી, બંને પક્ષો ત્યારથી સાથે કામ કરી રહ્યા છે અને ભવિષ્યમાં પણ સાથે રહેશે. આ પક્ષોના નેતાઓના નિવેદનો પરથી આ વાત સ્પષ્ટ થાય છે.

## શબ્દ સંજોગ-૧૯૩૩



**આડી ચાવી :**
(૧) જયારે (૨)
(૩) પ્રેમ સહિત (૩)
(૫) કવચિત (૨)
(૬) પ્રિયતમ (૩)
(૮) કવિતા, કાવ્ય (૩)
(૧૧) વાયુનું આવરણ (૫)
(૧૪) ખીલી (૨)
(૧૬) જાડું પાથરણું (૩)
(૧૮) ભાંગી જાય તેવું (૩)
(૨૦) ખૂબ ઉંઘ આવવી તે (૩)
(૨૧) રસ વગરનું (૩)
(૨૩) સાથે (૨)
(૨૫) વખાણવા લાયક (૫)
(૨૯) લાડુ, લાડવા (૩)
(૩૦) કોઈની કહેલી વાતને રદ કરે તેવો જવાબ (૩)
(૩૨) ધ્યાન (૨)
(૩૩) શિરસ્તો (૩)
(૩૪) ખીચોખીચ (૨)

**ઉભી ચાવી :**
(૨) નોકર, સેવક (૨)
(૩) સરખાપણું (૩)
(૪) એક રાશિ (૩)
(૫) સોળે સાન અને વીસે.... (૨)
(૭) ...નિશાળિયા નવા દા'ડા (૨)
(૯) કાફલો (૪)
(૧૦) ...તે સૌને ગમે (૨)
(૧૨) બદલે (૨)
(૧૩) ડાબું (૨)
(૧૫) સમાચાર, સંદેશો (૩)
(૧૭) દાગીનો (૩)
(૧૯) રસ પડે તેવું (૪)
(૨૧) પાણી (૨)
(૨૨) ફાચર (૨)
(૨૪) જીદ (૨)
(૨૬) એક દેવતા (૩)
(૨૭) વહાણને પાણીમાં સમતોલ રાખતું વજન (૩)
(૨૮) જો (૨)
(૨૯) મુક્તિ (૨)
(૩૧) યોગ-સાધના કરનાર (૨)

## શબ્દ સંજોગ-૧૯૩૨ જવાબ

**આડી ચાવી:** (૧) યમુના (૩) નતીજો (૬) મજા (૭) વેફર (૮) દેના (૯) રાવટી (૧૦) ફરાર (૧૧) જર (૧૨) બતક (૧૪) વદી (૧૫) સૂતર (૧૭) સકળ (૧૮) સૂરજ (૨૦) પર (૨૧) શીબા (૨૨) ટગમગ (૨૪) મહાત (૨૬) થીર (૨૭) મળસ્કે.

**ઉભી ચાવી:** (૧) યમરાજ (૨) મુજાવર (૩) નફરત (૪) તીર (૫) દિનાર (૮) દેરાસર (૧૨) બદી (૧૩) કસૂર (૧૪) વળ (૧૬) તજ (૧૭) સચોટ (૧૯) કયુબા (૨૦) પગથી (૨૧) શીતળ (૨૩) ગજાું (૨૫) હામ.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૪૦ | ૧૫૧૫ |
| ઘઉં લોકવન | ૬૦૪ | ૬૩૫ |
| ઘઉં ટુકડા | ૬૦૨ | ૬૭૬ |
| જુવાર સફેદ | ૭૮૧ | ૯૦૯ |
| બાજરી | ૪૦૦ | ૪૯૪ |
| તુવેર | ૧૨૨૨ | ૧૬૦૧ |
| ચણા પીળા | ૧૦૫૦ | ૧૨૩૫ |
| ચણા સફેદ | ૧૨૧૫ | ૨૫૨૦ |
| અડદ | ૧૧૫૦ | ૧૬૧૨ |
| મગ | ૧૨૮૦ | ૧૮૮૯ |
| વાલ દેશી | ૧૦૫૦ | ૧૪૫૦ |
| ચોળી | ૧૧૦૦ | ૨૩૫૦ |
| મઠ | ૮૫૦ | ૧૧૯૩ |
| કળથી | ૮૫૦ | ૯૫૦ |
| મગફળી જાડી | ૯૨૦ | ૧૧૬૦ |
| મગફળી જીણી | ૯૩૦ | ૧૨૪૦ |
| તલી | ૧૯૫૦ | ૨૪૦૯ |
| સુરજમુખી | ૯૪૫ | ૯૪૫ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૩૩ |
| અજમો | ૧૭૫૧ | ૨૨૫૧ |
| સુવા | ૧૧૭૫ | ૧૧૭૫ |
| સોયાબીન | ૭૯૦ | ૮૨૫ |
| સીંગફાડા | ૧૦૨૫ | ૧૨૭૦ |
| કાળા તલ | ૩૩૦૦ | ૪૫૬૦ |
| લસણ | ૧૫૦૦ | ૩૧૫૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૫૬૪ |
| મરચા સુકા | ૯૫૦ | ૨૬૦૦ |
| ધાણી | ૧૩૩૦ | ૧૬૧૦ |
| વરીયાળી | ૧૧૨૫ | ૧૪૧૪ |
| જીરૂ | ૪૧૫૦ | ૪૫૦૦ |
| રાય | ૧૦૨૦ | ૧૨૭૦ |
| મેથી | ૯૦૦ | ૧૧૬૦ |
| રાયડો | ૯૭૦ | ૧૧૨૮ |
| રજકાનું બી | ૩૪૦૦ | ૪૩૪૩ |
| ગુવારનું બી | ૯૮૦ | ૧૦૧૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૩૦૦ | ૮૫૦ |
| બટેટા | ૧૮૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૫ | ૪૨૫ |
| ટમેટા | ૧૦૦ | ૨૦૦ |
| સુરણ | ૭૫૦ | ૧૦૩૦ |
| કોથમરી | ૧૧૦ | ૨૧૦ |
| મુળા | ૧૫૦ | ૩૦૦ |
| રીંગણા | ૮૦ | ૨૦૦ |
| કોબીજ | ૩૦ | ૭૦ |
| ફ્લાવર | ૧૫૦ | ૨૨૦ |
| ભીંડો | ૭૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૭૦૦ |
| ચોળાસીંગ | ૭૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૧૦૦ | ૨૦૦ |
| ટીંડોળા | ૫૦૦ | ૮૦૦ |
| દુધી | ૧૧૦ | ૨૧૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| સરગવો | ૪૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૪૫૦ |
| કાકડી | ૮૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૨૦૦ | ૪૦૦ |
| વટાણા | ૫૦૦ | ૮૦૦ |
| તુવેરસીંગ | ૩૩૦ | ૬૭૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| બીટ | ૧૬૦ | ૨૮૦ |
| મેથી | ૧૦૦ | ૨૦૦ |
| વાલ | ૪૦૦ | ૭૦૦ |
| ડુંગળી લીલી | ૧૦૦ | ૨૦૦ |
| આદુ | ૬૦૦ | ૮૦૦ |
| ચણા લીલા | ૧૦૦ | ૪૦૦ |
| મરચા લીલા | ૪૫૦ | ૭૮૦ |
| હળદર લીલી | ૬૦૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૧૩૦૦ | ૨૦૦૦ |
| મકાઇ લીલી | ૨૨૦ | ૩૪૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૪૦ | ૧૧૦૩ |
| ગિરનારી શીંગ | ૧૦૧૦ | ૧૨૭૫ |
| શિંગ મોટી | ૮૧૫ | ૧૧૬૯ |
| શિંગ ફાડા | ૯૦૦ | ૧૨૫૬ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૫૨૫ |
| તલ કાળા | ૨૭૭૫ | ૪૩૪૦ |
| તલ કાશ્મીરી | ૧૮૦૦ | ૨૪૨૦ |
| બાજરો | ૪૫૧ | ૬૧૧ |
| જુવાર | ૮૦૦ | ૮૬૧ |
| ઘઉં ટુકડા | ૫૬૦ | ૬૭૫ |
| ઘઉં લોકવન | ૫૫૬ | ૬૬૧ |
| અડદ | ૭૮૦ | ૧૫૭૦ |
| ચણા | ૯૦૦ | ૧૨૦૯ |
| તુવેર | ૧૧૭૦ | ૧૭૨૧ |
| કપાસ | ૭૪૦ | ૧૫૧૭ |
| એરંડા | ૧૦૬૦ | ૧૨૦૫ |
| જીરૂ | ૨૯૭૫ | ૪૪૭૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૮૦ |
| સોયાબીન | ૫૫૦ | ૮૩૭ |
| મરચા લાંબા | ૪૦૦ | ૩૦૮૦ |
| વરીયાળી | ૯૦૦ | ૧૨૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૬૦ | ૪૮૦ |
| રીંગણાં | ૧૮૦ | ૩૦૦ |
| ફુલાવર | ૧૪૦ | ૨૩૦ |
| કોબીજ | ૧૪૦ | ૨૨૦ |
| શકકરીયા | ૩૦૦ | ૪૦૦ |
| ટામેટા | ૧૫૦ | ૨૫૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૪૦૦ | ૫૦૦ |
| દૂધી | ૧૨૦ | ૨૫૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| મુળા | ૧૨૦ | ૨૨૦ |
| કાકડી | ૩૩૨૦ | ૬૪૦ |
| ગુવાર | ૮૨૦ | ૧૬૫૦ |
| વાલોળ | ૪૦૦ | ૬૮૦ |
| વટાણા | ૭૫૦ | ૮૦૦ |
| તુરીયા | ૮૪૦ | ૧૨૦૦ |
| આમળા | ૫૮૦ | ૭૨૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૪૦ |
| તુવેર | ૪૦૦ | ૬૦૦ |
| હળદર લીલી | ૮૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૭૨૦ | ૮૪૦ |
| કોથમીર | ૧૦૦ | ૨૪૦ |
| મેથીભાજી | ૨૦૦ | ૩૫૦ |
| ફુદીનો | ૫૪૦ | ૬૪૦ |
| ટીંડોરા | ૩૮૦ | ૫૪૦ |
| બીટ | ૨૨૦ | ૫૩૦ |
| સરગવો | ૮૦૦ | ૧૦૦૦ |
| લીમડો મીઠો | ૩૧૦ | ૩૪૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૮૨૦ |
| મરચા લાલ | ૩૪૦ | ૮૫૦ |
| ડુંગળી લીલી | ૧૮૦ | ૪૦૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૪૦૦ |
| લસણ લીલુ | ૧૫૦૦ | ૨૦૦૦ |
| મકાઈ | ૨૮૦ | ૪૨૦ |
| લીંબુ | ૮૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૬૮૦ | ૮૫૦ |
| પાલક | ૨૧૦ | ૨૫૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૨૫૧ | ૧૫૦૧ |
| ઘઉં લોકવન | ૫૯૦ | ૬૫૨ |
| ઘઉં ટુકડા | ૬૦૮ | ૬૭૮ |
| મગફળી જીણી | ૭૬૧ | ૧૧૭૧ |
| સિંગ ફાડીયા | ૭૦૧ | ૧૨૫૧ |
| એરંડા / એરંડી | ૧૦૭૧ | ૧૨૫૬ |
| જીરૂ | ૩૮૦૧ | ૪૫૪૧ |
| વરીયાળી | ૧૩૦૧ | ૧૩૦૧ |
| ધાણા | ૯૦૧ | ૧૭૧૧ |
| લસણ સુકું | ૧૫૦૧ | ૩૦૯૧ |
| ડુંગળી લાલ | ૧૩૧ | ૪૩૧ |
| અડદ | ૧૨૬૧ | ૧૫૮૧ |
| મઠ | ૧૧૮૧ | ૧૧૮૧ |
| તુવેર | ૧૧૯૧ | ૧૮૫૧ |
| રાયડો | ૯૧૧ | ૧૧૩૧ |
| રાય | ૧૨૧૧ | ૧૨૧૧ |
| મેથી | ૬૯૧ | ૧૦૩૧ |
| કાંગ | ૫૦૧ | ૫૦૧ |
| સુરજમુખી | ૯૯૧ | ૯૯૧ |
| મરચા | ૪૫૧ | ૩૦૦૧ |
| મગફળી જાડી | ૬૫૧ | ૧૧૯૬ |
| સફેદ ચણા | ૧૧૦૦ | ૨૫૫૧ |
| તલ - તલી | ૧૫૦૦ | ૨૪૪૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૬૪૧ |
| ડુંગળી સફેદ | ૨૨૧ | ૩૪૬ |
| બાજરો | ૪૯૧ | ૪૯૧ |
| જુવાર | ૪૫૧ | ૮૩૧ |
| મકાઇ | ૪૫૧ | ૫૧૧ |
| મગ | ૧૨૬૧ | ૧૮૩૧ |
| ચણા | ૧૦૫૦ | ૧૨૪૬ |
| વાલ | ૪૯૧ | ૧૩૦૧ |
| ચોળા / ચોળી | ૮૮૧ | ૨૬૦૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૨૬ |
| અજમાં | ૧૩૦૧ | ૧૩૦૧ |
| કળથી | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ગોગળી | ૭૦૦ | ૮૬૧ |
| વટાણા | ૫૨૧ | ૫૨૧ |
| **ગોંડલ(શાકભાજી)** | | |
| ટમેટા | ૮૦ | ૨૦૦ |
| મરચા | ૨૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૨૦ | ૧૦૦ |
| દુધી | ૧૦૦ | ૩૬૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૮૦૦ |
| કાકડી | ૨૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૫૦ | ૨૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૧૦૦ | ૪૦૦ |
| ગાજર | ૨૦૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૪૦૦ | ૭૦૦ |
| તુવેર | ૪૦૦ | ૬૦૦ |
| વાલ | ૪૦૦ | ૬૦૦ |
| વટાણા | ૫૦૦ | ૮૦૦ |
| શક્કરીયા | ૭૦૦ | ૯૦૦ |
| બટેટા | ૩૫૦ | ૫૫૦ |
| આંબળા | ૬૦૦ | ૧૦૦૦ |
| લીલી હળદર | ૪૦૦ | ૯૦૦ |
| ડુંગળી પુરા | ૧૫ | ૨૦ |
| તાંજરીયા પુરા | ૬ | ૧૨ |
| કોથમીર પુરા | ૧૦ | ૨૦ |
| મૂળા પુરા | ૬ | ૧૦ |
| શેરડી | ૧૦૦ | ૧૪૦ |
| ચૂણ | ૭૦૦ | ૧૩૦૦ |
| ઘીસોડા | ૪૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૩૦૦ | ૮૦૦ |
| મેથી પુરા | ૫ | ૧૦ |
| બીટ પુરા | ૨૦ | ૩૦ |
| સરગવો પુરા | ૩૦ | ૪૦ |
| ચોરા | ૨૦૦ | ૭૦૦ |
| કારેલા | ૨૦૦ | ૬૦૦ |
| વાલોર | ૧૦૦ | ૨૪૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૨૦૦ |
| આદુ | ૫૦૦ | ૯૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૨૦ | ૩૦ |
| પાલક પુરા | ૫ | ૧૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૨૯ | ૧૫૨૧ |
| કપાસ મીડીયમ | ૧૨૩૫ | ૧૩૨૫ |
| મગફળી ૨૦ | ૧૦૬૫ | ૧૧૫૫ |
| મગફળી બીટી | ૯૪૫ | ૧૦૭૫ |
| અડદ | ૧૧૩૦ | ૧૨૮૦ |
| ઘઉં | ૫૩૯ | ૬૬૧ |
| જીરૂ | ૪૦૧૫ | ૪૩૨૫ |
| સોયાબીન | ૭૬૫ | ૭૮૫ |
| ચણા | ૧૦૯૦ | ૧૨૦૦ |
| તુવેર | ૧૨૬૦ | ૧૫૭૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૫૩૫ |
| ઘઉં લોકવન | ૫૯૦ | ૬૩૩ |
| ઘઉં ટુકડા | ૬૦૧ | ૬૩૧ |
| સોયાબીન | ૫૦૦ | ૭૮૨ |
| મગફળી | ૫૩૫ | ૯૬૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૮૦૦ |
| ધાણા | ૧૩૯૦ | ૧૪૯૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૨૫૫ |
| શીંગદાણા | ૧૦૦૦ | ૧૦૫૫ |
| જુવાર | ૮૦૦ | ૮૦૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૭૦ | ૧૫૨૩ |
| મગફળી | ૭૮૦ | ૧૧૫૧ |
| ઘઉં | ૬૦૦ | ૬૦૦ |
| અડદ | ૧૫૦૫ | ૧૫૦૫ |
| ધાણા | ૧૩૫૦ | ૧૩૫૫ |
| ચોળી | ૨૦૨૫ | ૨૦૨૫ |
| સોયાબીન | ૬૨૧ | ૭૦૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૦૬ | ૧૪૮૦ |
| મગફળી | ૯૯૧ | ૧૦૮૪ |
| સોયાબીન | ૭૧૨ | ૭૫૨ |
| ધાણા | ૧૦૫૧ | ૧૦૫૧ |
| **જામનગર** | | |
| બાજરો | ૩૨૦ | ૪૫૫ |
| ઘઉં | ૫૬૦ | ૬૭૫ |
| મગ | ૧૦૩૦ | ૧૬૩૫ |
| અડદ | ૧૩૦૦ | ૧૫૫૫ |
| તુવેર | ૧૨૫૦ | ૧૬૫૦ |
| ચોળી | ૨૦૦૦ | ૨૨૯૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૨૦ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૧૩૦ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૦૯૦ |
| એરંડા | ૧૦૬૦ | ૧૨૨૨ |
| તલ | ૧૮૦૦ | ૨૪૬૫ |
| લસણ | ૧૦૦૫ | ૩૨૨૦ |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૨૦ |
| જીરૂ | ૪૧૦૦ | ૪૪૩૫ |
| અજમો | ૨૨૦૦ | ૫૭૦૫ |
| ધાણા | ૧૨૦૦ | ૧૨૬૦ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૪૩૦ |
| મરચા સુકા | ૫૦૦ | ૩૨૦૫ |
| સોયાબીન | ૭૬૦ | ૮૨૦ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૧૧૪૦ | ૧૨૪૮ |
| શીંગ ૩૨ | ૯૬૦ | ૧૦૬૦ |
| શીંગ ૩૯ | ૯૩૨ | ૧૧૨૫ |
| શીંગ જી-૨૦ | ૧૦૦૦ | ૧૧૫૪ |
| જુવાર | ૫૪૦ | ૯૨૨ |
| મગદેશી | ૧૮૩૦ | ૨૪૦૧ |
| ઘઉં ટુકડા | ૬૦૧ | ૬૮૩ |
| અડદ | ૧૦૮૬ | ૧૪૯૯ |
| બાજરી | ૪૫૧ | ૬૩૦ |
| સોયાબીન | ૮૦૨ | ૮૦૫ |
| ચણા | ૯૭૫ | ૯૭૫ |
| તલ સફેદ | ૧૭૨૬ | ૨૪૦૪ |
| તલ કાળા | ૨૯૫૦ | ૩૧૭૨ |
| રાય | ૧૪૫૦ | ૧૪૫૦ |
| અજમા | ૨૧૦૦ | ૨૧૦૦ |
| ડુંગળી લાલ | ૧૫૦ | ૫૧૧ |
| ડુંગળી સફેદ | ૨૩૬ | ૫૪૨ |
| કપાસ શંકર | ૧૦૪ | ૧૪૩૬ |
| નાળીયેર | ૬૪૦ | ૨૫૯૨ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૩૧ |
| ઘઉં | ૫૦૦ | ૬૨૧ |
| ચણા | ૮૦૦ | ૧૨૦૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૫૦૧ |
| મગફળી | ૭૦૦ | ૧૦૯૧ |
| શીંગફાડા | ૮૫૧ | ૧૧૦૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૭૬ |
| સોયાબીન | ૬૦૧ | ૮૨૧ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૯૦ | ૧૧૭૫ |
| તલ સફેદ | ૧૫૫૪ | ૨૨૫૦ |
| કપાસ | ૧૨૨૬ | ૧૪૮૦ |
| બાજરા | ૪૬૦ | ૬૪૧ |
| ઘઉં ટુકડા | ૫૭૫ | ૬૮૨ |
| જુવાર | ૪૫૦ | ૮૮૮ |
| મગ | ૨૨૦૧ | ૨૩૭૭ |
| અડદ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| તુવેર | ૧૪૧૦ | ૧૫૬૧ |
| સોયાબીન | ૭૫૦ | ૭૮૫ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૧૪૪ |
| શીંગ મોટી | ૧૦૪૨ | ૧૧૯૦ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૫૦૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૩૮૧ |
| ઘઉં લોકવન | ૫૬૦ | ૬૭૧ |
| ઘઉં ટુકડા | ૫૮૦ | ૬૮૬ |
| બાજરો | ૬૪૧ | --- |
| જુવાર | ૫૦૦ | ૮૬૧ |
| મગ | --- | ૧૯૦૧ |
| અડદ | ૧૦૭૦ | ૧૩૮૬ |
| ચણા | ૧૦૭૫ | ૧૧૭૫ |
| તુવેર | ૧૩૦૧ | ૧૫૯૯ |
| એરંડી | ૧૧૧૮ | ૧૧૮૦ |
| સોયાબીન | ૭૬૦ | ૮૦૦ |
| ધાણા | ૧૪૪૦ | --- |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૩૬૩ | ૧૫૧૮ |
| **કોડીનાર** | | |
| મગફળી જીરું૦ | ૧૦૧૧ | ૧૧૭૧ |
| મગફળી ૩૨નં | ૯૫૦ | ૧૦૩૯ |
| બાજરા | ૫૨૫ | ૬૧૨ |
| ઘઉં | ૫૫૦ | ૬૫૫ |
| તુવેર | ૧૪૦૦ | ૧૭૪૦ |
| જુવાર | ૭૦૦ | ૮૯૧ |
| અડદ | ૧૧૦૦ | ૧૨૧૪ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૧૪ |
| જા.તલ | ૨૫૦૦ | ૨૮૧૫ |
| સફેદ તલ | ૨૦૦૦ | ૨૨૮૪ |
| સોયાબીન | ૭૮૨ | ૮૨૯ |
| કપાસ | ૧૩૭૫ | ૧૪૭૫ |
| કાંગ | ૭૦૦ | ૮૪૬ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# બગસરામાં આરી ભરતનો ઉદ્યોગ મંદીમાં સપડાયો

**કોમ્પ્યુટર વર્ક ચાલુ થયા પછી મંદીનો માહોલ છવાયો**



બગસરા,તા.૧૦

બગસરામાં છેલ્લા ઘણા સમયથી આરી ભરતના ઉદ્યોગમાં મંદીનું ગ્રહણ છવાતાં કારીગરોને અનેક મુશ્કેલીનો સામનો કરવો પડે છે. કાચો માલ પૂરતા પ્રમાણમાં મળતો ન હોવાથી અને બનાવેલા કામની પણ પૂરતી લેવાલી નથી આવતી. હવે લગભગ તમામ કામ કોમ્પ્યુટર ઉપર થતું હોવાથી કારીગરોને આર્થિક ભીંસ અને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. એક સમય એવો હતો બગસરા આરી ભરતનું હબ ગણાતું હતું, ત્યારે શહેરમાં લગભગ ૩૦૦૦ જેટલા કારખાના ચાલતા હતા, અંદાજે ૧૫૦૦૦ કારીગરો કામ કરતા હતા. હાલમાં શહેરમાં ૫૦ જેટલા કારખાના કાર્યરત છે, જેમાં અંદાજે ૧૦૦૦ જેટલા કારીગરો કામ કરે છે. અગાઉ કારીગરો મહિનાના અંદાજે ૧૦થી ૧૫ હજાર કમાતા હતા પરંતુ હવે ૫૦૦૦ જેવું માંડ કમાય છે. કારદાનેદારો અને કારીગરો આ મુદ્દે યોગ્ય પગલાં લેવા વિનંતી કરી રહ્યા છે.

# સાવરકુંડલાની પટેલ વાડીમાં ખોડલધામ મહિલા સમિતિ દ્વારા એક્ઝિબિશન યોજાયું



સાવરકુંડલા,તા.૧૦

સાવરકુંડલામાં શિવાજીનગર ખાતે પટેલ વાડીમાં શ્રી ખોડલધામ મહિલા સમિતિ દ્વારા વિવિધ ચીજ-વસ્તુઓનું પ્રદર્શન સહ વેચાણ કરવામાં આવી રહ્યું છે. આ એક્ઝિબિશનમાં ઘર વપરાશની તમામ વસ્તુઓ જેમ કે દરેક પ્રકારના ફરાળી લોટ, ઢોસા, ઈડલીના તૈયાર લોટ વગેરે મળે છે. આયુર્વેદિક દવાઓ, સાડી, ઈમીટેશન જવેલરી, બગસરાની વસ્તુઓ, અનેક પ્રકારની કુર્તીઓ, ડિઝાઈનર સાડીઓ, ઈમ્પોર્ટેડ પેન્ટ, ટીશર્ટ અને સ્વેટર, બ્યુટી પ્રોડક્ટ, શિયાળાના કપૂરના સાબુ, લીક્વીડ, શેમ્પુ વગેરે આઈટમ અને વિવિધ પ્રકારના ચપ્પલ, પર્સ, બ્લેન્કેટ, યુનિક્સ અને હોજીયેરી વગેરે ઉપલબ્ધ છે. આ ઉપરાંત ખાણીપીણીના સ્ટોલ પણ છે. આ એક્ઝિબિશનમાં વિવિધ શહેરો અને ગામડાઓમાંથી મહિલાઓ પોતાની પ્રોડક્ટ વેચાણ અર્થે લાવેલ છે. આ એક્ઝિબિશન ૧૨ જાન્યુઆરી સુધી રહેશે તેમ સમિતિના કન્વીનર નયનાબેન કાપડિયાએ જણાવ્યું હતું. સમિતિ દ્વારા આ બીજું એક્ઝિબિશન યોજાયું છે. જેમાં વિવિધ પ્રોડક્ટના કુલ ૬૫ સ્ટોલ ઉપલબ્ધ છે. આ એક્ઝિબિશનને સફળ બનાવવા મીનલબેન નાકરાણી, હીનાબેન ડોબરીયા સહિત અનેક મહિલાઓ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

# રાજુલા શહેરમાં શનિવારે દાંતની સારવારનો મફત નિદાન કેમ્પ યોજાશે

રાજુલા, તા.૧૦



રાજુલા શહેરમાં દાંતની વિવિધ પ્રકારની સારવાર માટે અમદાવાદના નિષ્ણાત ડોક્ટર રાહુલ મુછડીયા દ્વારા એક દિવસીય નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ કેમ્પ શનિવાર, ૧૧ જાન્યુઆરીએ મુછડીયા સર્જિકલ હોસ્પિટલ, ગાયત્રી મંદિર રોડ, જાફરાબાદ રોડ રાજુલા સીટી ખાતે યોજાશે. કેમ્પનો સમય સવારે ૧૦ થી સાંજના સાત સુધી રાખવામાં આવેલ છે. જેને કેમ્પનો લાભ લેવો હોય તેમણે મો.૮૧૪૦૨ ૨૨૩૭૮ અને ૯૪૦૮૮ ૯૮૩૭૩ પર નોંધણી કરાવવી ફરજિયાત છે.

# ભોપાલમાં યોજાયેલ રાષ્ટ્રીય ટોયઝ એન્ડ પપેટ આર્ટ વર્કશોપમાં ઝળક્યા અમરેલીના કલાકારો

અમરેલી, તા.૧૦



ભોપાલ (મધ્ય પ્રદેશ) ખાતે તાજેતરમાં ૧૬થી ૨૦ ડિસેમ્બર દરમિયાન યોજાયેલા 'ટોયઝ એન્ડ પપેટ આર્ટ વર્કશોપ'માં અમરેલી જિલ્લાના કલાકારોએ પોતાની અનોખી કલા પ્રસ્તુત કરી સમગ્ર ગુજરાત રાજ્યનું નામ રોશન કર્યું છે. આ વર્કશોપમાં ચલાલાના ઉમેશ ચાવડા, સાવરકુંડલાના ભાવેશ બોરીસાગર અને ખારાના ધર્મેશ ઠાકરે રજૂ કરેલી કલાકૃતિઓએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું. અમરેલીના ભરત અગ્રાવત અને માંડવડાના રાઘવ કટકિયાએ કલાકાર તરીકેની ભૂમિકા સાથે સંયોજક તરીકેની જવાબદારી પણ સફળતાપૂર્વક નિભાવી હતી. સમગ્ર વર્કશોપનું સફળ આયોજન ડૉ. સુરેશ મકવાણાના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું. આ રાષ્ટ્રીય કક્ષાના આયોજનમાં અમરેલી જિલ્લાના કલાકારોની સક્રિય ભાગીદારી અને તેમની કલાકૃતિઓએ જિલ્લાની કલા પરંપરાને વધુ ઉજાગર કરી છે.

# લાઠી પંથકના વર્ષો જુના પથ્થરના જર્જરિત નાળા-પુલીયાને પાકા બનાવાશે

લાઠી,તા.૧૦



લાઠી પંથકમાં વર્ષોથી જર્જરિત હાલતમાં રહેલા નાળા અને પુલીયાને પાકા બનાવવા માટે કામગીરી શરૂ કરવામાં આવી છે. લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના પ્રયાસોથી સરકારની રૂ. ૩ કરોડ ૪૦ લાખની ગ્રાન્ટ મંજૂર થઈ છે. આ ફંડથી લાઠીના ટોડા, જરખીયા, અડતાળા, ખીજડીયા અને શેડુભાર વિસ્તારોમાં રોડ પરના જર્જરિત પથ્થરના નાળા અને પુલીયાને આરસીસીના બનાવવામાં આવશે. વર્ષો જુના જર્જરિત નાળા અને પુલીયા નવા બનવાથી લોકોને રાહત થશે અને તેમનું જીવન સરળ બનશે. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ આ વિકાસ કાર્ય માટે સરકારનો આભાર માન્યો છે.

# લીલીયામાં નેશનલ રોડ સેફ્ટી મન્થ અંતર્ગત સ્પર્ધાઓનું આયોજન

અમરેલી, તા.૧૦



નેશનલ રોડ સેફ્ટી મન્થ-૨૦૨૫ની ઉજવણી અંતર્ગત અમરેલી જિલ્લાના લીલીયા તાલુકામાં વિવિધ શાળાઓમાં રોડ સેફ્ટી જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. અમરેલી એ.આર.ટી.ઓ. વિભાગ અને જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા આયોજિત આ કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારત સરકાર દ્વારા માર્ગ અકસ્માતોમાં ઘટાડો લાવવા અને રોડ સેફ્ટી અંગે જાગૃતિ લાવવાના ઉદ્દેશથી દર વર્ષે નેશનલ રોડ સેફ્ટી મન્થ/વીકની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે ૧ જાન્યુઆરીથી ૩૧ જાન્યુઆરી દરમિયાન નેશનલ રોડ સેફ્ટી મન્થ-૨૦૨૫ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ અંતર્ગત લીલીયા તાલુકામાં આવેલી શાંતાબા કન્યા વિદ્યાલય, અમૃતબા વિદ્યાલય તેમજ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં તા. ૭, ૮ અને ૯ જાન્યુઆરીના રોજ રોડ સેફ્ટી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમો અંતર્ગત રોડ સેફ્ટી વિષયક ચિત્ર સ્પર્ધા, નિબંધ લેખન તેમજ વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

# રાજુલામાં પોષણ ઉત્સવ-૨૦૨૪ની ભવ્ય ઉજવણી, મિલેટ અને પૌષ્ટિક વાનગીઓનું પ્રદર્શન

અમરેલી, તા.૧૦


તસવીર : ગોપાલ રાઠોડ

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના પટવા ગામે પોષણ ઉત્સવ-૨૦૨૪ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આઈ.સી.ડી.એસ રાજુલા અને જીએચસીએલ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં મિલેટ અને ટેક હોમ રાશન (THR)માંથી બનાવેલી વિશિષ્ટ વાનગીઓની હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર ગુજરાતમાં પોષણ ઉત્સવ અને પોષણ ઉડાન-૨૦૨૪ની ઉજવણી ચાલી રહી છે. તાજેતરમાં મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરિયાએ ગાંધીનગરથી રાજ્યવ્યાપી પોષણ ઉત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. આ અભિયાન અંતર્ગત રાજ્યની તમામ આંગણવાડીઓ, ઝોન, સેક્ટર, તાલુકા અને જિલ્લા કક્ષાએ વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. પટવા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં આંગણવાડી મારફતે અપાતા ટેક હોમ રાશન (માતૃશક્તિ, બાલશક્તિ અને પૂર્ણાશક્તિ) તેમજ સરગવા જેવા પૌષ્ટિક ખાદ્યપદાર્થોમાંથી બનાવેલી વાનગીઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

# કોડીનાર શહેરમાં લગ્નનું બનાવટી પ્રમાણપત્ર બનાવનારા સામે કાર્યવાહી

કોડીનાર, તા.૧૦

કોડીનારની કોર્ટમાં ચાલતા એક ઘરેલુ હિંસાના કેસમાં યુવાને યુવતી સાથે લગ્ન કર્યાનું બનાવટી પ્રમાણપત્ર બનાવ્યું હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલતા કોડીનાર પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ અને એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ દ્વારા આ પ્રમાણપત્ર બનાવનાર અને તેમાં મદદગારી કરનાર સામે ધોરણસરની ફરિયાદ દાખલ કરવા હુકમ કરતા રજિસ્ટ્રારે કોડીનાર પોલીસમાં ગુનો નોંધવા ફરિયાદ આપી છે. કોડીનારની કોર્ટમાં ક્રિષ્નાબેન ડોટર ઓફ પ્રતાપભાઈ વાઢેળ રે.કરેડા વાળા દ્વારા ઘરેલુ હિંસાનો કેસ દાખલ કરેલો. જેમાં તેના લગ્ન કોડીનાર તાલુકાના નાનાવાડા ગામમાં રહેતા ધર્મેશભાઈ ઉકાભાઈ સોસા સાથે થયા હોવાનું લગ્નનું પ્રમાણપત્ર રજૂ કરેલું. જે કેસ ચાલતા દરમિયાન કોડીનાર કોર્ટે આ પ્રમાણપત્રની ખરાઈ કરવા માટે પ્રાથમિક તપાસ કરવા કોડીનાર પોલીસને સૂચના આપી હતી. જેમાં આ લગ્નનું પ્રમાણપત્ર ખોટું હોવાનું જણાતા બનાવટી લગ્નનું પ્રમાણપત્ર બનાવનાર અને તેમાં મદદગારી કરનાર તમામ સામે ધોરણસર ફરિયાદ દાખલ કરવા હુકમ કર્યો હતો.


PGVCL
PASCHIM GUJARAT VIJ COMPANY LIMITED

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, નિગમિત કચેરી- રાજકોટ તરફથી ઉતરાયણ નિમિતે સલામતીનો સંદેશ**

માનવંતા ગ્રાહકો તથા જાહેર જનતાને ઉત્તરાયણ પર્વ ઉત્સાહ અને વીજ સલામતી પૂર્વક ઉજવવા તથા વીજ અકસ્માત નિવારવા માટે પતંગ ચગાવતી વખતે નીચે જણાવેલ વિગતો /મુદ્દાઓ અવશ્ય ધ્યાનમાં રાખવા નમ્ર વિનંતી છે.

- ★ પતંગ કે દોરી વીજળીના થાંભલા કે તારમાં ફસાઈ જાય તેને લેવા માટે થાંભલા પર ચઢશો નહી. વીજળીના તાર કે કેબલને અડકશો નહિ.
- ★ વીજળીના વાયર કે તાર ઉપર પડેલ પતંગ લેવા લંગર નાખશો નહી. તેમ કરવાથી વીજળીના તાર ભેગા થતાં મોટા ભડાકા થવાની, તાર તુટી જવાની, અકસ્માત થવાની તેમજ વીજ વપરાશના સાધનો (ઉપકરણો) બળી જવાની સંભાવના રહે છે.
- ★ થાંભલા કે વીજળીના તારમાં અથવા તો વીજળીના તાર નજીકના ઝાડમાં અટવાયેલા પતંગ લેવા માટે તાર કે લોખંડના સળીયાનો ઉપયોગ જીવલેણ નીવડી શકે છે.
- ★ ધાતુના તાર કે મેગ્નેટિક ટેપ બાંધીને પતંગ ઉડાડશો નહી, તેમ કરવાથી વીજળીના તારને અડકતા વીજળીનો આંચકો લાગવાની અને અકસ્માતની સંભાવના છે.
- ★ નજીવી કિંમતના પતંગ માટે આપની અણમોલ કિંમતી જીંદગી જોખમમાં ના મુકાય તેનો ખ્યાલ રાખો.
- ★ ચાઈનીઝ દોરીનો ઉપયોગ કરવો નહી, તેનાથી વીજળીના વાયર કપાઈ શકે છે, જેથી અંધારપટ તેમજ વીજ અકસ્માત થઈ શકે છે.
- ★ વિજવાયરો પસાર થતા હોય તેની સાવ નજીક થી પતંગ ઉડાડશો નહી.
- ★ **વીજ માળખાને લગતી કોઈ પણ ફરિયાદ નોંધવા માટે નીચેના ટોલ ફ્રી નંબર નો ઉપયોગ કરવો.**

**૧૯૧૨૨ અથવા ૧૮૦૦ ૨૩૩ ૧૫૫૩૩૩**


સુરક્ષા બચાવે વારંવાર


જીવંત વિજરેષા સાથે રમત એટલે જિંદગી સાથે રમત

ઉપરોક્ત સુચનો યાદ રાખી અકસ્માત ન સર્જાય તેની સાવચેતી રાખશો તથા આપના બાળકોની સાથે રહી, સંપૂર્ણ સલામતી સાથે ઉત્તરાયણનો ઉત્સવ ઉમંગથી ઉજવશો તેવી શુભેચ્છા.

**!! સાવચેતી એ જ સલામતી !!**

મુખ્ય ઈજનેર (ટેકનીકલ)
પીજીવીસીએલ, રાજકોટ



**ધી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ. અમરેલી**
'ભોજલરામ ભવન', રાજ મહેલ રોડ, હેડ ઓફિસ, અમરેલી. ફોન નં. ૦૨૭૯૨-૨૨૨૯૦૧,
ઈ-મેઈલ : ho@ajmsbank.com વેબસાઈટ : www.ajmsbank.com

અજીમસ બેંક/એસ્ટા/ /૨૦૨૪-૨૫ રૂબરૂ તા.૧૦/૦૧/૨૦૨૫

**-:: બીજો પ્રયત્ન ::-**

**બેંકની તા.૦૩/૦૧/૨૦૨૫ ની બોર્ડ ઓફ ડિરેકટર્સની મીટીંગના ઠરાવ નંબર - ૫૮૫થી સાવરકુંડલા રોડ પરના એ.પી.એમ.સી. અમરેલીમાં આવેલ બેંકની હેડ ઓફીસ,અમરેલીના પ્લોટની જમીન વેચાણ કરવા માટે ટેન્ડર**

આથી રસ ધરાવનાર તમામ ઈસમોને જાણ કરવામાં આવે છે કે, આ બેંકની સાવરકુંડલા રોડ પરના એ.પી.એમ.સી., અમરેલીમાં આવેલ બેંકની હેડ ઓફીસ, અમરેલીના પ્લોટ નં.-૨ સર્વે નં.૩૦/૧-ક ની વાણીજય વપરાશની કુલ જમીન ૨૬૯૬.૩૭ ચો.મીટર પૈકી ૩૮૩.૬૩ ચો.મીટર જમીન બેંક વાહન પાર્કિંગ અને બ્લોક પેવિંગ અને બાકીની બેંકને ફાળવેલ ૨૩૧૨.૭૪ ચો. મીટર જમીન માલીકી હકકથી વેચાણ કરવા બેંકે નિર્ણય કરેલ હોવાથી સદર વર્ણનવાળી જમીન જોવા માટે બેંકની હેડ ઓફીસ,અમરેલીના શ્રી બી. એસ. કોઠીયા,જનરલ મેનેજર (સી.ઈ.ઓ.) મોબાઈલ નં.૯૮૨૫૨ ૩૫૪૭૫ નો સંપર્ક કરવાનો રહેશે. જમીન ખરીદવા રસ ધરાવતા ઈસમોએ દિન-૧૫ એટલે કે તા.૨૫/૦૧/૨૦૨૫ સુધીમાં બેંકના ચાલુ દિવસે ઓફિસ અવર્સ દરમ્યાન ટેન્ડર બંધ કવરમાં હેડ ઓફિસ, અમરેલી મુકામે અમોશ્રીને રૂબરૂ રજુ કરવા અને ટેન્ડર સાથે રૂા.૧,૦૦,૦૦૦/- (અંકે રૂા.એક લાખ પુરા) ડિપોઝીટ પેટે તથા પાનકાર્ડ અને આધારકાર્ડની નકલ સાથે બેંકમાં જમા કરાવવા આથી જાણ કરવામાં આવે છે અને ટેન્ડરની નકલ હેડ ઓફીસ,અમરેલીમાંથી મેળવી લેવાની રહેશે.

સહી
(બી. એસ. કોઠીયા)
જનરલ મેનેજર (સી.ઈ.ઓ.)
ધી.અ.જી.મ.સ. બેંક લિ., અમરેલી

# હવે આગળ વધવાનો અને નવા ભારત વિશે વિચારવાનો સમય છે : સીએમ યોગી

લખનૌ,તા.૧૦

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું છે કે કોઈપણ વિવાદિત માળખાને મસ્જિદ ન કહેવું જોઈએ. જે દિવસે આપણે તેને મસ્જિદ કહેવાનું બંધ કરી દઈશું, તે દિવસે લોકો ત્યાં જવાનું બંધ કરી દેશે. કોઈની પણ શ્રદ્ધાને ઠેસ પહોંચાડવી અને ત્યાં મસ્જિદ જેવું માળખું બનાવવું એ પણ ઈસ્લામના સિદ્ધાંતોની વિરુદ્ધ છે. આવા સ્થળે કરવામાં આવતી કોઈપણ પ્રકારની પૂજા ભગવાનને પણ સ્વીકાર્ય નથી.

સીએમ યોગીએ મહાકુંભ મેળા વિસ્તારમાં એક ખાનગી ચેનલના કાર્યક્રમમાં આ વાતો કહી. તેમણે કહ્યું કે જ્યારે ભગવાનને તે મંજૂર નથી તો આપણે ત્યાં વ્યર્થ પ્રાર્થના કેમ કરવી જોઈએ. જ્યારે ઈસ્લામમાં પૂજા માટે માળખું બનાવવું જરૂરી નથી, જ્યારે સનાતન ધર્મમાં આવું છે. તે ઈસ્લામ માટે નહીં, પણ સનાતની પૂજા માટે મંદિરમાં જશે. આવી સ્થિતિમાં, આપણે કોઈપણ



માળખાને મસ્જિદ કહેવાનો આગ્રહ રાખવો જોઈએ નહીં. હવે આગળ વધવાનો અને નવા ભારત વિશે વિચારવાનો સમય છે. આપણે આ તરફ ધ્યાન આપવું જોઈએ. સીએમ યોગીએ કહ્યું કે મહાકુંભ શ્રદ્ધા અને આધુનિકતાના નવા મિશ્રણ તરીકે વૈશ્વિક મંચ પર એક નવી છાપ છોડશે. પ્રયાગરાજ મહાકુંભ ભવ્ય, દિવ્ય અને ડિજિટલ કુંભ તરીકે ઓળખાશે. સ્વચ્છતા, સલામતી અને આધુનિકતાના મોડેલની સાથે શ્રદ્ધા અને આધુનિકતાનું એક નવું મિશ્રણ પણ જોવા મળશે. અનેક લોકો આગામી ૪૫ દિવસમાં પ્રયાગરાજની ત્રિવેણીમાં ડૂબકી લગાવશે.

# ગુજરાતમાં છેલ્લા ૩ વર્ષમાં ૧૬,૧૫૫ કરોડનું ડ્રગ્સ ઝડપાયું

ગાંધીનગર, તા.૧૦

ડ્રગ્સ જેવા માદક પદાર્થોનું દૂષણ આજે મહાનગરો ઉપરાંત ગામડાંઓ સુધી પહોંચી ગયું છે ત્યારે ગુજરાત સરકાર આ દૂષણને ડામવા માટે પ્રતિબદ્ધ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે ૨૦૨૧માં કેફી દ્રવ્યો પકડાવનારાને ઈનામ આપતી પ્રથમ નાર્કો રિવોર્ડ પોલિસી અમલમાં મૂકી હતી જેના પરિણામે ડ્રગ્સની જપ્તીમાં નોંધપાત્ર વધારો થયો છે. ઑક્ટોબર



૨૦૨૧માં રિવોર્ડ પોલિસી લૉન્ચ થઈ ત્યારથી ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં ૧૬,૧૫૫ કરોડની કિંમતનું ૮૭,૬૦૭ કિલો ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે. નાર્કોટિક્સ રિવોર્ડ પોલિસી દ્વારા ગુજરાત યુવાનોને કેફી દ્રવ્યોની ચુંગાલમાંથી છોડાવવાની અને ડ્રગ્સ પેડલરોને સકંજામાં લેવાની દિશામાં આગળ વધ્યું છે. નાર્કો રિવોર્ડ પોલિસી લૉન્ચ કરતી વખતે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ એવું જણાવ્યું હતું કે, "ડ્રગનું દૂષણ આપણા સમાજને નબળો પાડશે અને યુવાનો તેનાથી દૂર રહે એ જરૂરી છે. ડ્રગ્સ અસ્થાયી રૂપે હાઈ ફીલિંગ આપી શકે છે પરંતુ લાંબા ગાળે તે આપણા શરીરને ભયંકર નુકસાન કરે છે. કોઈ જગ્યાએ ડ્રગ્સ વેચાતું હોય અને એ અંગે યુવાનોને જાણ થાય તો તેમણે પોલીસ અને રાજ્યના ગૃહ વિભાગને માહિતગાર કરવા જોઈએ." ગુજરાત પોલીસે ડ્રગ્સ સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી છે અને એટલે જ તે ડ્રગ્સ પકડવામાં દેશભરમાં અગ્રેસર છે. ગુજરાત માદક પદાર્થોના દુરુપયોગને રોકવાના હેતુથી બાતમીદારો માટે રિવોર્ડ પોલિસી શરૂ કરનારું પહેલું રાજ્ય છે.

# 'અખંડ ભારત'ના કાર્યક્રમમાં પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અન્ય પાડોશી દેશોને પણ આમંત્રણ અપાયું

નવીદિલ્હી,તા.૧૦

પાકિસ્તાન અને બાંગ્લાદેશ જેવા દેશો ભલે ભારતથી બળતા હોય પરંતુ એ વાત આખી દુનિયાને ખબર છે કે ભૂતકાળમાં તેઓ ભારતનો હિસ્સો રહી ચૂક્યા છે. એટલું જ નહીં ભારત હંમેશાથી એવું ઈચ્છે છે કે આ બંને દેશોનું ભલું થાય અને આ કડીમાં ભારત સરકારે ભારતીય હવામાન વિભાગના ૧૫૦ વર્ષ પૂરા થયાના અવસરે અખંડ ભારત સેમિનારનું આયોજન કર્યું છે. જેમાં પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અન્ય પાડોશી દેશોને પણ આમંત્રણ અપાયું છે. આ પહેલ જોઈન્ટ ઈતિહાસને મનાવવા અને મતભેદોને બાજુ પર મૂકીને એકજૂથતા દર્શાવવા માટે કરાઈ છે.

વાત જાણે એમ છે કે રિપોર્ટ્સ મુજબ આ આયોજનમાં પાકિસ્તાન, બાંગ્લાદેશ, ભૂટાન, અફઘાનિસ્તાન, મ્યાંમાર, માલદીવ, શ્રીલંકા અને નેપાળ સહિત અનેક દેશોને આમંત્રણ અપાયું છે. આ ઉપરાંત મધ્ય એશિયા અને દક્ષિણ-પશ્ચિમ એશિયાના કેટલાક દેશોના અધિકારીઓને પણ આમંત્રણ મોકલવામાં આવ્યું છે.

# પતંગ રસિકો માટે સારા સમાચાર : ઉત્તરાયણના દિવસે મધ્યમ પવન ફુંકાશે

અમદાવાદ,તા.૧૦

ગુજરાતમાં ઠંડીનો પ્રકોપ યથાવત છે. ૫.૬ ડિગ્રી સાથે કચ્છનું નલિયા સૌથી ઠંડુગાર શહેર બન્યું છે. ગુજરાતમાં હાલ ક્યાંય ઠંડી ઓછી થવાના અણસાર નથી. ઉપરથી આગામી ૪૮ કલાકમાં ઠંડીનું પ્રમાણ અતિ વધી જશે. આ ઠંડી છેક ઉત્તરાયણ સુધી આવીને આવી જ રહેશે. આગામી ૪૮ કલાક પછી ગુજરાતમાં ઠંડીનો વધુ ચમકારો અનુભવાશે. ઉત્તરાયણના દિવસે પણ ગુજરાતમાં ઠંડી યથાવત રહેશે. ઉત્તરાયણના દિવસે પવનની સ્પીડ પ્રતિ કલાક પાંચથી ૧૦ કિલોમીટરની મીડિયમ સ્પીડ રહેશે. તો વાસી ઉત્તરાયણના દિવસે પણ મીડિયમ પવન ફૂંકાશે. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના ડાયરેક્ટર એ. કે. દાસે પણ ગુજરાત માટે કાતિલ ઠંડીની આગાહી કરી છે. તેમણે જણાવ્યું છે



કે, ગુજરાતમાં સાત દિવસ હવામાન શુષ્ક રહેશે. આગામી ૨૪ કલાકમાં તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી જેટલો વધારો થઈ શકે છે. જે બાદ ફરીથી બેથી ત્રણ ડિગ્રી તાપમાન ઘટવાની શક્યતા છે. ગુજરાતમાં દાહોદમાં ૬.૬ અને નર્મદામાં ૬.૯ ડિગ્રી તાપમાન રહ્યું હતું જયારે રાજકોટમાં ૮.૩ અને અમરેલીમાં ૮.૪ ડિગ્રી તાપમાન, ગાંધીનગરમાં ૯ અને વડોદરામાં ૯.૨ ડિગ્રી તાપમાન, ડીસામાં ૯.૮ અને જામનગરમાં ૧૦.૩ ડિગ્રી તાપમાન, ભુજમાં ૧૦.૪ અને ભાવનગરમાં ૧૧.૭ ડિગ્રી તાપમાન રહ્યુ હતું.

# પ્રજાસત્તાક દિવસની પરેડમાં લગભગ ૧૦,૦૦૦ ખાસ મહેમાનો હાજરી આપશે

નવીદિલ્હી,તા.૧૦

૨૬ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ નવી દિલ્હીના કર્તવ્ય પથ ખાતે યોજાનારી ૭૬મા પ્રજાસત્તાક દિવસની પરેડમાં લગભગ ૧૦,૦૦૦ ખાસ મહેમાનો હાજરી આપશે. આ મહેમાનો વિવિધ ક્ષેત્રોના ઉત્કૃષ્ટ વ્યક્તિઓ છે જેમણે 'સુવર્ણ ભારત'ના નિર્માણમાં યોગદાન આપ્યું છે. આ પહેલનો ઉદ્દેશ્ય રાષ્ટ્રીય કાર્યક્રમોમાં લોકોની ભાગીદારી વધારવાનો છે. આમાં એવા વ્યક્તિઓનો સમાવેશ થાય




છે જેમણે પોતપોતાના ક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે અને સરકાર દ્વારા ચલાવવામાં આવતી વિવિધ યોજનાઓનો કાર્યક્ષમ ઉપયોગ કરીને નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરી છે.

# ભાવનગરમાં નકલી ઈનવોઈસ અને ક્વોટેશન બનાવી રૂપિયા ૧ કરોડથી વધુની છેતરપિંડી

ભાવનગર,તા.૧૦

ભાવનગરમાં લઘુ ઉદ્યોગ શરૂ કરવા લઘુ ઉદ્યોગકારોને નાણાકીય સહાય મળે તે માટે સરકારની વિવિધ યોજના, કાર્યક્રમ અંતર્ગત મળતી સબસિડી કે લોનનો બેંક ઓફ બરોડાની મોખડાજી સર્કલ બ્રાંચમાં દુરૂપયોગ કરી નકલી ક્વોટેશન અને ઈન્વોઈસ બિલોની મદદથી છેતરપિંડી કરવામાં આવી છે. લઘુ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા આર્થિક સહાય આપવા કેન્દ્ર સરકાર




પીએમ એમ્પલોયમેન્ટ જનરેટિંગ પ્રોગ્રામ, પીએમ મુદ્રા યોજના અને બાજપાઈ બેંકેબલ યોજના જેવી યોજના હેઠળ લોન આપવામાં આવે છે. આ યોજનાનો દુરૂપયોગ કરી નકલી ક્વોટેશન અને નકલી ઈનવોઈસ બિલો રજૂ કરી સરકારી યોજનાનો ગેરકાયદેસર લાભ લઈ સરકાર સાથે રૂપિયા ૧.૦૧ કરોડની છેતરપિંડી આચરવામાં આવી છે. છેતરપિંડી કરનારાઓ બેંક ઓફ બરોડાની મોખડાજી સર્કલ બ્રાંચના તત્કાલિન ક્રેડિટ ઓફિસર, તત્કાલિન બ્રાંચ મેનેજર અને તેના સાથીઓ સહિત ૨૮ શખ્સો વિરૂદ્ધ ઘોઘારોડ પોલીસ મથકમાં ફરિયાદ કરાતા ખળભળાટ મચી ગયો છે.


**આજે અડધો દિવસ વેપાર-ધંધા બંધ રાખવા ધાનાણીની અપીલ**

# પાયલ ગોટી મુદ્દે પરેશ ધાનાણીના બીજા દિવસે પણ ધરણા

**પરેશ ધાનાણીની તબીયત લથડતા મેડિકલ ચેકઅપ કરાયું**

અમરેલી,તા.૧૦

અમરેલી લેટરકાંડ મામલે કોંગ્રેસના નેતા પરેશભાઈ ધાનાણીના અમરેલીમાં ધરણાં દરમ્યાન તેમની તબીયત લથડતા મેડિકલ ચેકઅપ કરાયું હતું. પોલીસ અને ભાજપના નેતાઓ



પર ધાનાણીએ પ્રહાર કર્યા છે. ૨૪ કલાકના ધરણાં છતાં કોઈ કાર્યવાહી ન કરાતા ધાનાણીએ ધરણાં વધુ એક દિવસ લંબાવ્યા હતા. તેમજ આજે અડધો દિવસ વેપાર-ધંધા બંધ રાખવા ધાનાણીએ અપીલ કરી છે. સાથે જ પરેશભાઈ ધાનાણીએ કહ્યું કે, ધરણા વધારવા અરજી કરી છે અને કહ્યું હતું કે જો મંજૂરી નહિ મળે તો પણ હું ધરણાં કરીશ. દિવસ દરમિયાન રાજકમલ ચોકમાં કોંગ્રેસી અગ્રણીઓએ પણ મુલાકાત લીધી હતી અને પરેશભાઈ ધાનાણી સાથે ધરણામાં પણ જોડાયા હતા.

**સોસિયલ મીડિયા પર બન્ને પક્ષોની કોમેન્ટ**

પરેશભાઈ ધાનાણીએ આજે અમરેલીના વેપારીઓને બપોરના ૧૨:૦૦ વાગ્યા સુધી બંધ રાખવાની અપીલ કરતાં જ સોશિયલ મીડિયા પર વેપાર ધંધા ચાલુ રાખવા અને બંધ રાખવાના મુદ્દે ધમાસાણ બોલી ગયું હતું અને બંને પક્ષ તરફથી સોશિયલ મીડિયામાં અવનવી કોમેન્ટો ચાલુ થઈ હતી. જે દિવસ ભર લોકો માટે ચર્ચાનો વિષય બન્યો હતો.

# મહારાષ્ટ્રમાં બજેટને કારણે 'માઝી લાડકી બહેન યોજના' વિવાદમાં

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૦

મહારાષ્ટ્રમાં બહુચર્ચિત 'માજી લાડકી બહિન યોજના' પરનો વિવાદ વધુ ઘેરો બન્યો છે. ૨ મહિના પહેલા યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં, મહાયુતિ ગઠબંધને મહારાષ્ટ્રમાં એમપીની જેમ આ યોજના લાગુ કરી હતી અને ચૂંટણી પ્રચારમાં તેનો વ્યાપક ઉપયોગ કર્યો હતો. એટલું જ નહીં, ચૂંટણી પહેલા મહિલાઓના બેંક ખાતામાં ૧૫૦૦ રૂપિયાના કુલ ૫ હપ્તા જમા કરવામાં આવ્યા હતા અને એવો દાવો કરવામાં આવ્યો હતો કે ચૂંટણી જીતતાની સાથે જ આ હપ્તો વધીને ૨૧૦૦ રૂપિયા થઈ જશે.



રાજ્યની મહિલાઓએ મહાયુતિને ચૂંટણીમાં વિજય અપાવ્યો, પરંતુ અત્યાર સુધી ૨૧૦૦ રૂપિયાની રકમ તેમના ખાતામાં આવી નથી. રાજ્યના કૃષિ મંત્રીએ તો ત્યાં સુધી કહ્યું કે લાડકી બહેન યોજનાને કારણે ખેડૂતોની લોન માફી યોજના પ્રભાવિત થઈ રહી છે.

# અંડરવર્લ્ડ ડોન છોટા રાજનની તબિયત લથડી : એઈમ્સમાં દાખલ

,નવીદિલ્હી,તા.૧૦

અંડરવર્લ્ડ ડોન અને ગેંગસ્ટર છોટા રાજનને તબિયત બગડ્યા બાદ સારવાર માટે રાજધાની દિલ્હીની એઈમ્સમાં દાખલ કરવામાં આવ્યો છે. તમને જણાવી દઈએ કે છોટા રાજન હાલમાં અનેક ગુનાઓના આરોપસર દિલ્હીની તિહાર જેલમાં બંધ છે. અત્યાર સુધી મળેલી માહિતી અનુસાર, દિલ્હી પોલીસે એઈમ્સ વોર્ડમાં કડક સુરક્ષા વ્યવસ્થા કરી છે જ્યાં અંડરવર્લ્ડ ડોન છોટા રાજન દાખલ છે. ઓક્ટોબર ૨૦૧૫ માં ઈન્ડોનેશિયાથી ધરપકડ બાદ અંડરવર્લ્ડ ડોન છોટા રાજનને ભારત લાવવામાં આવ્યો હતો. તે હાલમાં દિલ્હીની તિહાર જેલમાં બંધ છે. ૨૫ ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ ઈન્ડોનેશિયાના બાલી એરપોર્ટ પરથી તેની ધરપકડ કરવામાં આવી હતી અને તેને ભારત લાવવામાં આવ્યો હતો.

# યુસીસી આ મહિને ઉત્તરાખંડમાં લાગુ થશે, સીએમ ધામીની જાહેરાત

બરેલી,તા.૧૦

ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ તેમના રાજ્યમાં લેવામાં આવેલી વિવિધ પહેલનો ઉલ્લેખ કરતા કહ્યું કે દેવભૂમિ ઉત્તરાખંડમાં આ મહિને સમાન નાગરિક સંહિતા (યુસીસી) લાગુ કરવામાં આવશે. તેમણે અહીં કહ્યું કે ઉત્તરાખંડ દેશનું પહેલું રાજ્ય છે જ્યાં સમાન નાગરિક સંહિતાનો કાયદો છે. પહેલા એવું માનવામાં આવતું હતું કે ધામી



સરકાર ૧ જાન્યુઆરી, ૨૦૨૫ થી રાજ્યમાં યુસીસી લાગુ કરશે. જોકે, નાગરિક સંસ્થાની ચૂંટણીઓ અંગે જાહેરનામું બહાર પાડવામાં આવી રહ્યું હોવાથી, સરકાર ૨૩ જાન્યુઆરી સુધી કોઈ નિર્ણય લઈ શકશે નહીં. આ સ્થિતિમાં, એવું માનવામાં આવે છે કે ઉત્તરાખંડની ધામી સરકાર ૨૬ જાન્યુઆરી, ૨૦૨૫ થી યુસીસીના અમલીકરણની જાહેરાત કરી શકે છે. સીએમ ધામીએ કહ્યું છે કે દેવભૂમિ ઉત્તરાખંડમાં ભક્તો અને પ્રવાસીઓનું આગમન સતત વધી રહ્યું છે. તેમણે કહ્યું, અમે હરિદ્વાર અને ઋષિકેશમાં ગંગા કોરિડોર બનાવીશું.

# વિંછીયાના ઢેઢુકી ગામે વૃદ્ધ ઉપર સાત શખ્સોનો ધારીયા-છરીથી હુમલો : સામસામી ફરિયાદ

**પોલીસે અંધશ્રધ્ધાના નવા કાયદા તળે ગુનો દાખલ કર્યો**

જસદણ, તા.૧૦

વિંછીયાના ઢેઢુકી ગામે કયાં ગયા ભુવા ? તેમ કહી છેડતીનો આરોપ નાખી વૃધ્ધ ઉપર ૭ શખ્સોએ ધારીયા - છરીથી હુમલો કર્યો હતો. સામા પક્ષે પરિણીતાએ દાણા જોવાના બહાને છેડતી કર્યાની વૃધ્ધ સામે ફરિયાદ કરતા વિંછીયા પોલીસે અંધશ્રધ્ધાના નવા કાયદા તળે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો મુજબ, વિંછીયાના ઢેઢુકી ગામની સીમમાં રહેતા ચકુભાઈ પોલાભાઈ સાંકળીયા (ઉ.વ.૬૫) એ વિશાલ સામંતભાઈ મેણીયા રે. દેવપરા (નવાગામ) આણંદપુર તા. ચોટીલા તથા અજાણ્યા ૬ શખ્સો સામે વિંછીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદી પોતાની વાડીના મકાને સૂતા હતા ત્યારે વિશાલ સહિતના ૭ શખ્સોએ મકાનની અંદર પ્રવેશી કયાં છે ભુવા ? તેમ કહી છેડતીનો આરોપ નાખી ધારીયા-છરીથી ઈજા કરતા પ્રથમ જસદણ બાદ વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. આ બનાવમાં વિંછીયા પોલીસે ઈજાગ્રસ્ત વૃધ્ધની ફરિયાદ ઉપરથી વિશાલ સહિતના ૭ શખ્સો સામે ગુનો દાખલ કર્યો હતો. જ્યારે સામા પક્ષે પરિણીતાએ ઈજાગ્રસ્ત વૃધ્ધ ચકુભાઈ સાંકળીયા સામે દાણા જોઈ માનતા કરવાના બહાને પોતાની વાડીએ બોલાવી છેડતી કર્યાની ફરિયાદ નોંધાવતા વિંછીયા પોલીસે અંધશ્રધ્ધાના નવા કાયદા તળે તથા છેડતી અંગે ગુનો દાખલ કર્યો હતો.

# ૨૦૨૪માં કોલેજ છોડનાર વિદ્યાર્થીઓને જેઈઈ એડવાન્સ્ડમાં બેસવાની ૩ તક મળશે

નવીદિલ્હી,તા.૧૦

સુપ્રીમ કોર્ટે જેઈઈ એડવાન્સ્ડ ૨૦૨૫ માં પ્રયાસોની સંખ્યા વધારવા અને ઘટાડવાના મામલે દાખલ કરાયેલી અરજી પર સુનાવણી કરી. કોર્ટે આદેશ આપ્યો હતો કે જોઈન્ટ એન્ટ્રન્સ બોર્ડની પ્રારંભિક સૂચના મુજબ, ૫ નવેમ્બરથી ૧૮ નવેમ્બર, ૨૦૨૪ વચ્ચે કોલેજ છોડનારા વિદ્યાર્થીઓને જેઈઈ એડવાન્સ્ડમાં ત્રણ વખત બેસવાની મંજૂરી આપવામાં આવશે. આ અરજી ૨૨ વિદ્યાર્થીઓ દ્વારા દાખલ કરવામાં આવી હતી. જોઈન્ટ એન્ટ્રન્સ બોર્ડે ૫ નવેમ્બરે જાહેરાત કરી હતી કે ૨૦૨૩, ૨૦૨૪ અને ૨૦૨૫માં સ્નાતક થનારા વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા માટે પાત્ર બનશે. જોકે, માત્ર ૧૩ દિવસ પછી, પાત્રતા ઘટાડીને ફક્ત ૨૦૨૪ અને ૨૦૨૫ બેચના વિદ્યાર્થીઓ સુધી કરવામાં આવી. અરજીની સુનાવણી કરતા, જસ્ટિસ બી આર ગવઈ અને એ



જી મસીહની બેન્ચે જણાવ્યું હતું કે આ સમયગાળા દરમિયાન કેટલાક વિદ્યાર્થીઓએ પરીક્ષામાં બેસવા માટે લાયક હોવાનું વિચારીને પોતાનો અભ્યાસક્રમ છોડી દીધો હતો અને હવે આનો ઈનકાર કરીને, તેઓ ઘણી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. કોઈ પક્ષપાત ન હોઈ શકે. અરજદારોએ દાવો કર્યો હતો કે તેમણે ૨૦૨૩ માં ધોરણ ૧૨ ની પરીક્ષા પાસ કરી હતી અને એન્જિનિયરિંગ કોલેજોમાં પ્રવેશ મેળવી લીધો હતો, પરંતુ જ્યારે ઉપલબ્ધ પ્રયાસોની સંખ્યા બે થી વધારીને ત્રણ કરવામાં આવી ત્યારે તેઓએ જેઈઈ એડવાન્સ્ડ ૨૦૨૫ ની તૈયારી શરૂ કરી દીધી.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડાપ્રધાન, ભારત

International Kite Festival 2025
11 થી 14 જાન્યુઆરી, 2025

# આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ

**11 થી 14 જાન્યુઆરી, 2025**



**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

## પતંગોથી શણગારેલું આકાશ

પ્રતિવર્ષે, આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ગુજરાતના આકાશને એક અદ્વિતીય જીવંત ઉત્સવમાં પરિવર્તિત કરી દે છે. આ દિવસે પરંપરાગત ભારતીય ડિઝાઇન અને 47 દેશની કલાત્મક રચનાઓની સાથે 143 આંતરાષ્ટ્રીય પતંગબાજો આકાશમાં મનમોહક દૃશ્ય ઊભું કરશે, જે તમે ક્યારેય નહીં જોયું હોય. ગુજરાત માટે આ માત્ર એક તહેવાર નથી પરંતુ અહીં વિભિન્ન સંસ્કૃતિઓ અને હૃદયનો મેળાપ થાય છે સાથે જ સમગ્ર આકાશ જીવંત બની જાય છે.

ઉદ્‌ઘાટક
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

ગરિમામયી ઉપસ્થિતિ
**શ્રી મુળુભાઈ બેરા**
માનનીય મંત્રી,
પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, ગુજરાત

**11 જાન્યુઆરી, 2025 | સવારે 9.00 વાગે**
**વલ્લભસદન, સાબરમતી રિવરફ્રન્ટ, અમદાવાદ**



## ઉજવણીનાં સ્થળો

| અમદાવાદ | SOU- એકતાનગર | રાજકોટ | વડોદરા | સુરત | શિવરાજપુર | ધોરડો |
|---|---|---|---|---|---|---|
| 11-14 જાન્યુઆરી, 2025 | 12 જાન્યુઆરી, 2025 | 12 જાન્યુઆરી, 2025 | 12 જાન્યુઆરી, 2025 | 13 જાન્યુઆરી, 2025 | 13 જાન્યુઆરી, 2025 | 13 જાન્યુઆરી, 2025 |
| વલ્લભસદન, સાબરમતી રિવરફ્રન્ટ | ડેમ વ્યૂ પૉઈન્ટ-3, SoU, એકતાનગર | ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કૉલેજ ગ્રાઉન્ડ, ડૉ. યાજ્ઞિક રોડ, જાગનાથ પોલીસ સ્ટેશન પાસે | નવલખી ગ્રાઉન્ડ, રાજમહેલ રોડ | રિવરફ્રન્ટની પાછળ, રિવર હાઇટ્સ અપાર્ટમેન્ટની સામે, BAPS મંદિરની સામેની ગલી, અડાજણ | શિવરાજપુર બીચ, શિવરાજપુર, તાલુકો દ્વારકા, જિલ્લો દેવભૂમિ દ્વારકા | સાંસ્કૃતિક મંચ પાસે, સફેદ રણ |

**ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ**
ઉદ્યોગ ભવન, બ્લૉક નં. 16, ચોથો માળ, સેક્ટર 11, ગાંધીનગર – 382010, ગુજરાત
www.gujarattourism.com • ટોલ ફ્રી નંબર: 1800 203 1111

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવની મુલાકાત માટે QR સ્કેન કરો